ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ
શ્રીવરદત્ત ગણધરાય નમઃ

# ગિરનાર સપ્તતિકા કલ્પ


લેખક/સંકલન
શાસનપ્રભાવક
પરમપૂજ્ય પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી
ગણિવર્યના તપસ્વી શિષ્યરત્ન
પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી
મહારાજ સાહેબના શિષ્ય

**પ.પૂ.આ.હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**



પ્રકાશક

**સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ**

C/o, ગૌરવશાળી ગિરનાર દર્શન ધર્મશાળા, રૂપાયતન રોડ,
શિવ નિકેતનની બાજુમાં, ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨૦૦૧.
**Telephone No.** (૦૨૮૫) ૨૬૫૭૦૯૯ / **M.No.:** ૯૪૦૯૬ ૮૫૯૯૯
**E-mail :** girnarbhakti@gmail.com
**Web :** www.girnardarshan.com

નકલ : ..........

કિંમત : રૂા. ......

## પ્રાપ્તિસ્થાન

**ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા**
**રૂપાયતન રોડ, મીનરાજ સ્કૂલની સામે,**
**ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨ ૦૦૧.**
**મો.૯૪૦૯૬ ૮૫૯૯૯**

**ભગીરથભાઈ**
**આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**
**મો.૯૮૨૫૨ ૮૮૯૯૧**

**અર્હમ્ ક્રિએશન**
**પાલ, સુરત-૩૯૫ ૦૦૯.**
**મો.૯૯૨૪૭ ૨૨૩૨૨**

**નવભારત સાહિત્ય મંદિર**
**ગાંધી રોડ, અમદાવાદ.**
**મહેન્દ્રભાઈ**
**મો.૯૮૨૫૦ ૪૭૮૪૧**

**જૈનદર્શન પ્રકાશન મંદિર**
**ધરણીધર રોડ, અમદાવાદ.**
**હેમંતભાઈ ગાંધી**
**મો.૯૪૨૬૩ ૦૨૫૬૮**

**જ્ઞાનની બારી**
**જી-૧, લાભ કૉમ્પલેક્ષ,**
**૧૩, તાલુકા સોસાયટી,**
**નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪.**
**મો.૯૪૦૮૩ ૭૧૨૦૬**

**સાગરભાઈ (પરેલ, મુંબઈ)**
મો. ૯૬૯૯૨ ૧૦૯૭૯

**જયેશભાઈ**
હજૂર પાયગા રોડ, ભાવનગર.
મો. ૮૮૬૬૧ ૪૫૧૯૯
૯૪૨૭૧ ૪૫૧૯૯

**જયદીપભાઈ**
મહેતા ડેરી, પાલિતાણા.
મો. ૯૯૭૯૦ ૫૧૪૦૦
૬૩૫૧૫ ૨૦૪૬૦

**Amitbhai Salecha**
Arham Gold,
G/F Ram Rajendra Kuteer,
Isukavagu Street,
R. Agraharam,
Guntur-522003 (A.P.)
M. 98492 96450/83366 47791

**On Line**
R. K. Group
No. ૧/૧, 3rd Floor,
1st Cross Vinayaka Towers,
Gandhinagar,
Bangalore - ૫૬૦ ૦૦૯.
મો. ૭૨૫૯૩ ૮૪૧૩૬

# પ્રસ્તાવના

શ્રી ગિરનાર તીર્થનો મહિમા વર્ણવતા અનેક ગ્રંથો, સ્તુતિ-સ્તોત્રો રચાયા છે. અનેક લેખો પુસ્તકો આ પવિત્રતીર્થનો પરિચય આપતા પ્રગટ થયા છે.

ગિરનાર મહાતીર્થ વિશે વિવિધ સંદર્ભ સાહિત્ય તપસમ્રાટ આ. શ્રી હેમવલ્લભસૂરિ મ.સા.એ સંગ્રહિત કર્યું છે. એમાંથી ગિરનારની ગોદમાં નામે પુસ્તકો પ્રગટ થયાં છે.

તપસ્વીરત્ન આ.ભ.શ્રી હિમાંશુસૂરિ મ.સા.એ શ્રી ગિરનાર તીર્થમાં સ્થિરતા કરી એ તીર્થના મહિમાને ઉજાગર કરવા સુંદર પ્રયત્નો કર્યા છે.

સહસાવનની યાત્રાએ પહેલા ભાગ્યે જ કોઈ જતું ત્યાં આજે સમવસરણ મંદિર અને અન્ય વ્યવસ્થાઓ થયા પછી યાત્રિકો મોટી સંખ્યામાં જાય છે. હજારો ભાવુકો ૯૯ યાત્રા ગિરનારની કરે છે.

પૂ. તપસ્વી મ.ના માર્ગદર્શન પ્રેરણા આશીર્વાદ પામીને તપસમ્રાટ આ.શ્રી હેમવલ્લભસૂરિ મ.સા.એ પણ ગિરનારમાં દીર્ઘકાળ સ્થિરતા કરી આ તીર્થની અનુપમ ભક્તિ કરી છે.

ગિરનાર વિશે પુષ્કળ સાહિત્યનું અવલોકન કર્યા પછી આ. શ્રી હેમવલ્લભસૂરિ મ.સા.એ સંસ્કૃતમાં ૭૦ શ્લોક પ્રમાણ **ગિરનાર સપ્તતિકા કલ્પ**ની સંકલના કરી છે.

આ કલ્પમાં કર્તાએ ગિરનારનો મહિમા પ્રત્યક્ષ જોઈને અને અનુભવીને વર્ણવ્યો હોય તેવું જીવંત વર્ણન છે.

કલ્પના આ શ્લોકનું ગુજરાતી તથા હિન્દી ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યું છે. જેથી સંસ્કૃત નહીં જાણનારા પણ ગિરનાર તીર્થના મહિમાને જાણી શકે.

શ્રી શંત્રુજય માહાત્મ્યના સર્ગ-૧૩ અને સર્ગ-૧૦માં શ્રી નેમિનાથ પ્રભુએ અને શ્રી વીરપ્રભુએ ગિરનાર તીર્થનો જે મહિમા વર્ણવ્યો છે તેનું ગુજરાતી અને હિન્દી ભાષાંતર પણ અહીં આપવામાં આવ્યું છે.

તીર્થંકર પ્રભુના મુખેથી પ્રગટ થતો તીર્થનો મહિમા દરેક ભાવુકને અત્યંત ભાવભીના કરે એવો અનુપમ છે.

સાથે તીર્થની યાત્રા માટેની વિધિ પણ અહીં પ્રસ્તુત છે જે આરાધના માટે ઉપયોગી બનશે.

આ ગ્રંથનું વાંચન-મનન કરી દરેક ભાવુક તીર્થ પ્રત્યેની ભક્તિમાં વધારો કરે એ જ અભિલાષા...

**- આ. મુનિચન્દ્રસૂરિ**



# गिरनार सप्ततिकाकल्पः

1. नमश्चोज्जयन्ताद्रितीर्थोत्तमाय,
नमो जातनेमित्रिकल्याणकाय,
नमः शोभितोद्धारसौराष्ट्रकाय,
नमस्ते नमस्ते नमस्ते नमस्ते ।

2. देशानामुत्तमो देशस्तीर्थं तीर्थेषु चोत्तमम् ।
सुराष्ट्रा शरणायातपरित्राणप्रसूरिव ॥

3. सुराष्ट्रेत्यस्य राष्ट्रस्य, युक्तं नाम परस्य न ।
शत्रुञ्जयोज्जयन्तादितीर्थाण्यत्रैव यत्परम् ॥

4. नमस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः ।
गजेन्द्रपदजं नीरं, निर्द्वन्द्वं भुवनत्रये ॥

5. स्पृष्ट्वा शत्रुञ्जयं तीर्थं, नत्वा रैवतकाचलम् ।
स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥

6. स्वामिन् ! शत्रुञ्जयगिरेः, रैवताद्रिरयं जिनैः ।
कथितः पञ्चमं शृङ्गं, पञ्चमज्ञानदायकम् ॥

7. शत्रुञ्जयगिरेरेव, शृङ्गं गङ्गाम्बुनिर्मलम् ।
उज्जयन्ताभिधं ख्यातं, त्रिलोक्यां तीर्थमुत्तमम् ॥

8. पर्वतोऽयं पुण्यराशिः, पृथिव्यास्तिलकोपमः ।
श्रीसर्वज्ञक्रमैः पूतो भाति त्रैलोक्यभूषणम् ॥

9. उत्तमः सर्वतीर्थानां, सर्वतीर्थफलप्रदः ।
दर्शनस्पर्शनेनापि, दुरितं हन्ति सर्वतः ॥

10. अत्र पर्वतनद्योऽपि, वृक्षाः कुण्डानि भूमयः ।
अन्यत्रैकतीर्थमिव, सर्वं तीर्थत्वमृच्छति ॥

11. यत्रार्हत् एकमपि, भवेत् कल्याणकं किल ।
तत्तीर्थं मुनयः प्राहुर्गिरनारस्ततोऽधिकः ॥

12. दीक्षा-केवल-निर्वृतिकल्याणत्रिकमनन्ततीर्थकृताम् ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥

13. जिना अनन्ता अत्रैयुरेष्यन्ति च तथापरे ।
सिषिधुःकेऽपि मुनयोऽपीदं तीर्थमतो महत् ॥

14. स्मृतोऽयं कुरुते शर्म, दृष्टः कष्टभरं हरेत् ।
स्पृष्टस्त्विष्टं च सिद्धाद्रेः, शृङ्गं ददति (ते) रैवतः ॥

15. सूर्याचन्द्रमसौ यत्र, क्षणं विश्रान्तवाहनौ ।
किञ्चिदानन्दमासाद्य, यातस्तत्स्तुतितत्परौ ॥

16. न ता औषधयो दिव्या, न ताः स्वर्णादिसिद्धयः ।
रसकूपा न ते येऽत्र, गिरौ सन्ति न शाश्वताः ॥

17. महातीर्थमिदं देव, दिव्यौषधिसमन्वितम् ? ।
कस्य न प्रीतिमाधत्ते, पुण्यैरपि फलैरपि ॥

18. आद्ये धनु:शतं दु:षमाख्ये तद्वद् द्वियोजनी ।
दस तृतीये तुर्ये च, योजनान्यथ षोडश ॥

19. विंशति: सुषमाख्ये तु, षष्ठे षट्त्रिंशतिस्तथा ।
उत्सर्पिण्यामिदं मानमुच्चत्वेऽरेषु च क्रमात् ॥

20. एतस्यैवावसर्पिण्यां, हीयते च तथैव हि ।
तदयं शाश्वत: शैल:, सर्वपापहर: स्मृत: ॥

21. कैलास उज्जयन्तश्च, रैवत: स्वर्णपर्वत: ।
गिरनार-नन्दभद्रावस्यारेष्विति चाभिधा: ॥

22. यस्मिन् सहस्राम्रवने नराणां, सार्धं सहस्रेण व्रतं प्रपद्य ।
तपांसि भूयांसि चकार नेमिर्वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥

23. कर्माणि चत्वारि निहत्य यत्र, श्रीयादवाधीश्वरनेमिनाथ: ।
ज्ञानं प्रपेदे किल केवलाख्यं, वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥

24. त्यक्त्वा पवित्रामपि भोजपुत्रीं, यत्रोपयेमे वरसिद्धिकन्याम् ।
शिवातनूज: शिवतातिरत्र, वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥

25. श्रीवीतरागस्मरणैकताना, भवन्ति ये ते सुखभाजनं स्यु: ।
यथाम्बिका रैवतदैवतं श्रीनेमिं स्मरन्ती भवति स्म देवी ॥

26. श्रीब्रह्मेन्द्रकृतेऽयं, श्रीनेमिमूर्तिरमरगणपूज्य: ।
विंशतिसागरकोटी:, स जयति गिरनारगिरिराज: ॥

27. बुद्ध्वा कल्याणत्रयमिह, कृष्णो: रुप्यरुक्ममणि बिम्बम् ।
चैत्यत्रयमकृतायं, गिरनारगिरीश्वरो जयति ॥

28. प्रतिद्रुमं प्रतिसरः, प्रतिकूपं प्रतिह्रदम् ।
प्रतिस्थानं सुरा आसन्, नेमिध्यानपरायणाः ॥

29. बहून्येवं हि शृङ्गाणि, कन्दरा अपि भूरिशः ।
शिश्रियुर्बहवो देवा, जिनसेवापरायणाः ॥

30. स्थानेष्वेवं समग्रेष्वधिष्ठितेषु सुरैरथ ।
गिरिर्जातः सुरमय, इव स्वर्गान्मनोहरः ॥

31. न श्रीनेमिसमः स्वामी, नोज्जयन्तसमो गिरिः ।
न गजेन्द्रपदाभं तु, कुण्डमस्ति जगत्त्रये ॥

32. गजेन्द्रपदमत्रास्ति कुण्डं तुण्डं शिवश्रियाम् ।
यत्र जीवस्य संसक्तिः शक्तिः पापापनोदने ॥

33. परेषामपि कुण्डानां, प्रभावोऽयं पृथक् पृथक् ।
षण्मासे स्नानतो रोगाः, कुष्ठाद्या यान्ति जन्तुषु ॥

34. कासश्वासारुचिग्लानिप्रसूत्युदरजा रुजः ।
नश्यन्त्यस्याम्बुपानेन, बाह्या आन्तरगा इव ॥

35. पूजास्नपनदानानि, तपश्चात्र कृतानि वै ।
सम्पद्यन्ते मोक्षसौख्यहेतवो भव्यजन्मिनाम् ॥

36. यत्र दानानि दत्तानि, भक्त्योचितदयादिभिः ।
ददते सर्वसौख्यानि, भवद्वयहितानि च ॥

37. न्यायोपात्तं धनं येऽत्र, कुवर्ते पात्रसान्निजम् ।
तेषां समृद्धयः सर्वाः, सम्पद्यन्ते भवे भवे ॥

38. प्रत्याख्यानं दशविधं, विवेकी कुरुते नरः ।
अस्मिन् तस्य क्रमात् स्वर्गसौख्यानि दशधा पुनः ॥

39. चतुर्थषष्ठाष्टमादि, तपो यत्र वितन्वते ।
ते नूनं सर्वशर्माणि, भुक्त्वा यान्ति परं पदम् ॥

40. शुद्धान्नवस्त्रपानाद्यैः, सुसाधुं प्रतिलम्भयन् ।
मुक्तिनारीहृदानन्ददायी भवति भावतः ॥

41. स्वर्णरुप्यान्नवस्त्रादि, यद्ददात्यत्र भावतः ।
तदनन्तगुणं सोऽपि, लभते लीलया जनः ॥

42. भावतः प्रतिमामत्र, जिनानां जन्तुरर्चयन् ।
लभते शिवसौख्यानि, नृसौख्यस्य किमुच्यते ? ॥

43. सुवर्णसिद्धिकारिण्यः, सर्वेप्सितफलप्रदाः ।
यत्र सन्ति न चेक्ष्यन्ते, निष्पुण्यै रसकूपिकाः ॥

44. मार्जर-मूषकौ सिंह-वारणावहि-बर्हिणौ ।
प्रशान्तवैरा वर्तन्ते, पवित्रे यत्र पर्वते ॥

45. प्रत्यासन्नोदयमिषाद्यत्र सर्वेऽपि ते ग्रहाः ।
आराद्धुमिव नेमीशं, कुर्वते प्रत्यहं भ्रमिम् ॥

46. ऋतवो यत्र वर्त्तन्ते, परित्यक्तनिजक्रमाः ।
एकैकस्पर्द्धया नेमिं, नन्तुं नित्यमिवाकुलाः ॥

47. मलयाद्रौ यथाऽन्येऽपि, यान्ति चन्दनतां द्रुमाः ।
तथाऽत्र पापिनोऽप्यङ्गिगणा यान्ति हि पूज्यताम् ॥

48. तपःक्षमाभ्यां संयुक्तास्तथा साम्यरसप्लुताः ।
त्यक्त्वा धातुमयं देहं, देही प्राप्नोति निर्वृतिम् ॥

49. भूरुहा दृषदो भूमि-वाय्वम्ब्वग्नि-शरीरिणः ।
अचेतना अपि शिवं यातारोऽत्र कियद्दिनैः ॥

50. प्राप्यते पुरुषैर्नूनं, यस्य तीर्थस्य सेवनात् ।
इह सर्वस्य सम्पत्तिः, परमं च परं पदम् ॥

51. सर्वकल्याणनिर्माणप्रवीणे रैवते गिरौ ।
भवद्वयेऽपि नो भीतिर्दारिद्र्यस्य तथैनसः ॥

52. पर्वताः सर्व एवैते, जलस्थलखचारिणः ।
जीवाः सन्त्यत्र ये शैले, भवत्रयमुमुक्षवः ॥

53. महातीर्थमिदं सर्वतीर्थोत्कृष्टं जगत्त्रये ।
तिर्यञ्चोऽपि हि यद्वासात्, सिद्ध्यन्त्यन्तर्भवाष्टकम् ॥

54. भ्रमतां पक्षिणां खेऽपि, छाया येषां स्पृशत्यमुम् ।
लभन्ते कुगतिं नैते, किं पुनः सहवासिनः ॥

55. लभन्ते सेवनाद्यस्य, प्राणिनः पापिनोऽप्यलम् ।
सर्वकर्माणि संक्षिप्य, शिवमव्यक्तमक्षयम् ॥

56. तावत्सर्वाणि पापानि, तावद् दुखान्यनेकशः ।
तावत् संसारवासोऽत्र, न यावद् रैवते गमः ॥

57. सर्वकर्मक्षयं कृत्वा, सङ्ख्यातीतास्तनूभृतः ।
मुक्तिं याता गमिष्यन्ति, प्रयान्ति च न संशयः ॥

58. पुण्यस्थावरतीर्थेषु, स्वर्भूर्भूतलवर्त्तिषु ।
उज्जयन्तगिरेस्तुल्यं, तीर्थं नास्ति जगत्त्रये ॥

59. महातीर्थमिदं तेन, सर्वपापहरं स्मृतम् ।
शत्रुञ्जयगिरेरस्य, वन्दने सदृशं फलम् ॥

60. अस्ति चेत्पापतो भीतिर्मतिः पुण्येऽतिनिर्मला ।
सद्गत्याप्तिप्रतिभुवं, तद्रैवतमभिश्रय ॥

61. सर्पिर्मधुभ्यां ध्माता यन्मृत्तिका गुरुयोगतः ।
हेमत्वं लभते तस्य, महिमा वर्ण्यते कथम् ॥

62. यथा स्पर्शोपलस्पृष्ट, लोहं प्राप्नोति हेमताम् ।
तथास्य स्पर्शतो देहो, भवेच्चिन्मयरूपभाक् ॥

63. अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।
आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥

64. विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः ।
एकशोऽपि कृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥

65. मग्नैः कुटुम्बजम्बाले, यैर्मिथ्याकार्यजर्जरैः ।
नोज्जयन्ते नतो नेमिस्ते चेज्जीवन्ति के मृताः ?

66. नित्यानित्यस्थावरजङ्गमतीर्थाधिकं जगत्त्रितये ।
पर्वसु ससुरेन्द्रार्च्यः, स जयति गिरनारगिरिराजः ॥

67. स्वर्भूर्भुवःस्थचैत्ये यस्याकारं सुरासुरनरेशाः ।
संपूजयन्ति सततं, स जयति गिरनारगिरिराजः ॥

68. दृष्ट्वा किञ्चित् संप्रत्यक्षं, ज्ञात्वा च स्वानुभूतया ।
श्रीगिरनार माहात्म्यं, सर्वहिताय गुम्फितम् ॥

69. विविधतन्त्रश्लोकानां, सङ्ग्रहः क्रियते मया ।
गिरिसप्ततिकाकल्पः, रैवतगिरिनिश्रया ॥

70. चैत्रे श्री चन्द्रधर्मस्य, हेमवल्लभसूरिणा ।
अमासे द्विसहस्रस्यैकाशीतिपरिवत्सरे ॥



# गिरनार सप्ततिकाकल्पः

**1. नमश्श्रोज्जयन्ताद्रितीर्थोत्तमाय, नमो जातनेमित्रिकल्याणकाय, नमः शोभितोद्धारसौराष्ट्रकाय, नमस्ते नमस्ते नमस्ते नमस्ते ।**

શ્રી ઉજ્જયંતગિરિ નામના તીર્થને નમસ્કાર થાઓ, જ્યાં નેમિનાથ પરમાત્માના ત્રણ કલ્યાણક (દીક્ષા-કેવળ-મોક્ષ) થયા છે તે ગિરિને નમસ્કાર થાઓ, જેના જીર્ણોદ્ધાર દ્વારા સૌરાષ્ટ્ર દેશ શોભી ઉઠ્યો છે તે ગિરનારને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ ! નમસ્કાર થાઓ ! નમસ્કાર થાઓ ! નમસ્કાર થાઓ !

श्री उज्जयंतगिरि तीर्थ को नमस्कार हो ! जहाँ नेमिनाथ परमात्मा के तीन कल्याणक (दीक्षा-केवल-मोक्ष) हुए हैं वह गिरि को नमस्कार हो ! शोभित किया है जीर्णोद्धार के माध्यम से जीसने सौराष्ट्रदेश को वह गिरनार को नमस्कार हो ! नमस्कार हो ! नमस्कार हो ! नमस्कार हो! नमस्कार हो !

**2. देशानामुत्तमो देशस्तीर्थं तीर्थेषु चोत्तमम् ।**
**सुराष्ट्रा शरणायातपरित्राणप्रसूरिव ॥**

સર્વ દેશોમાં ઉત્તમદેશ અને સર્વતીર્થોમાં ઉત્તમતીર્થ એવો સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર) દેશ, જેમ માતા શરણે આવેલાને રક્ષણ આપે તેમ સૌરાષ્ટ્ર દેશ સુરક્ષા આપે છે.

सर्व देशों में उत्तम देश और सर्व तीर्थों में उत्तम तीर्थ ऐसा सुराष्ट्र (सौराष्ट्र) देश, जैसे माता अपने शरण में आने वालों को सुरक्षा देती है वैसे ही सुराष्ट्र देश सुरक्षा प्रदान करता है ।

**3. सुराष्ट्रेत्यस्य राष्ट्रस्य, युक्तं नाम परस्य न ।**
**शत्रुञ्जयोज्जयन्तादितीर्थाण्यत्रैव यत्परम् ॥**

આ દેશનું સુરાષ્ટ્ર એવું જે નામ છે તે યુક્ત (યોગ્ય) જ છે, કારણ કે શત્રુંજય અને ઉજ્જયંત (ગિરનાર) વિગેરે ઉત્કૃષ્ટ તીર્થો અહીં જ રહેલા છે.

इस देश को सुराष्ट्र ऐसा जो नाम दिया है, वो योग्य ही है। क्योंकि शत्रुंजय और उज्जयंत (गिरनार) आदि उत्कृष्ट तीर्थ इसी देश में हैं।

**4. नमस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः ।**
**गजेन्द्रपदजं नीरं, निर्द्वन्द्वं भुवनत्रये ॥**

નમસ્કાર (નવકાર) સમાન મંત્ર, શત્રુંજય સમાન ગિરિ અને ગજપદકુંડ સમાન જલ ત્રણેય ભુવનમાં બીજે ક્યાંય નથી.

नमस्कार (नवकार) समान मंत्र, शत्रुंजय समान गिरि और गजपद कुंड समान जल तीनों भुवन में (लोक में) और कहीं नहीं है।

**5. स्पृष्ट्वा शत्रुञ्जयं तीर्थं, नत्वा रैवतकाचलम् ।**
**स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥**

શત્રુંજય તીર્થની સ્પર્શનાથી, રૈવતગિરિ (ગિરનાર) તીર્થને નમસ્કાર કરવાથી, ગજપદકુંડમાં સ્નાન કરવાથી ફરી જન્મ લેવો પડતો નથી.

शत्रुंजय तीर्थ की स्पर्शना से, रैवतगिरि (गिरनार) तीर्थ को नमस्कार करने से, गजपदकुंड में स्नान करने से, वापिस जन्म लेना नहीं पडता ।

**6.** **स्वामिन् ! शत्रुञ्जयगिरेः, रैवताद्रिरयं जिनैः ।**
**कथितः पञ्चमं शृङ्गं, पञ्चमज्ञानदायकम् ॥**

આ રૈવતગિરિને (ગિરનાર) શ્રી જિનેશ્વર ભગવંતે શત્રુંજયતીર્થનું પંચમજ્ઞાનને આપનારું પાંચમું શિખર કહેલું છે.

यह रैवतगिरि (गिरनार) को श्री जिनेश्वरभगवंत ने शत्रुंजयतीर्थ का पंचमज्ञान देने वाला पाँचवाँ शिखर बताया है ।

**7.** **शत्रुञ्जयगिरेरेव, शृङ्गं गङ्गाम्बुनिर्मलम् ।**
**उज्जयन्ताभिधं ख्यातं, त्रिलोक्यां तीर्थमुत्तमम् ॥**

ગંગાજળ સમાન નિર્મળ અને શત્રુંજયગિરિના જ એક શિખરરૂપ એવું ઉજ્જયંત તીર્થ (ગિરનાર) ત્રણે લોકમાં ઉત્તમ ગણાય છે.

गंगाजल समान निर्मल और शत्रुंजयगिरि का ही एक शिखर स्वरुप ऐसा उज्जयंत तीर्थ (गिरनार) तीनों लोक में उत्तम माना जाता है।

**8.** **पर्वतोऽयं पुण्यराशिः, पृथिव्यास्तिलकोपमः ।**
**श्रीसर्वज्ञक्रमैः पूतो भाति त्रैलोक्यभूषणम् ॥**

આ ગિરનાર ગિરિરાજ પુણ્યનો ઢગલો અને પૃથ્વીના તિલક સમાન છે. વળી સર્વજ્ઞ ભગવાનનાં ચરણકમલના સ્પર્શથી પાવન થવાના કારણે તે ત્રણલોકના આભૂષણરૂપે શોભે છે.

यह गिरनार गिरिराज अनंत पुण्य का संपुट और पृथ्वी के तिलक समान है और उससे भी बढ़के सर्वज्ञ भगवंत के चरणकमल के स्पर्श से पावन होने के कारण तीनों लोक के आभूषण स्वरुप शोभ रहा है ।

**9.** **उत्तमः सर्वतीर्थानां, सर्वतीर्थफलप्रदः ।**
**दर्शनस्पर्शनेनापि, दुरितं हन्ति सर्वतः ॥**

સર્વતીર્થોમાં ઉત્તમ અને સર્વતીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરનાર ગિરિરાજ દર્શન અને સ્પર્શન માત્રથી સર્વ પાપોને હણે છે.

सभी तीर्थों में उत्तम और सभी तीर्थों की यात्रा के फल को देनेवाला यह गिरनार गिरिराज, दर्शन और स्पर्श मात्र से ही सर्व पापों को नाश करनेवाला है ।

**10.** **अत्र पर्वतनद्योऽपि, वृक्षाः कुण्डानि भूमयः ।**
**अन्यत्रैकतीर्थमिव, सर्वं तीर्थत्वमृच्छति ॥**

ગિરનારમાં રહેલા પર્વતો, નદીઓ, વૃક્ષો, કુંડો અને ભૂમિઓ સર્વે અન્ય સ્થાને રહેલા એક તીર્થની જેમ તીર્થસ્વરૂપતાને પામે છે, અર્થાત્ સર્વ તીર્થમય છે.

गिरनार में बसे हुए पर्वत, नदीयाँ, पेड़, कुंड और भूमि सभी भिन्न स्थानों में रहने वाले एक तीर्थ के समान हैं अर्थात् सर्व तीर्थमय है ।

**11.** **यत्रार्हत् एकमपि, भवेत् कल्याणकं किल ।**
**तत्तीर्थं मुनयः प्राहुर्गिरनारस्ततोऽधिकः ॥**

જ્યાં અરિહંત પરમાત્માનું એક પણ કલ્યાણક થાય તેને મુનિઓ તીર્થ કહે છે જ્યારે ગિરનાર તો તેથી પણ અધિક છે.

जहाँ अरिहंत परमात्मा का एक भी कल्याणक होता है उसे मुनि भगवंत तीर्थ कहते हैं, पर गिरनार तो उससे भी अधिक है ।

12. दीक्षा-केवल-निर्वृतिकल्याणत्रिकमनन्ततीर्थकृताम् ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥

જ્યાં અનંતા તીર્થંકર પરમાત્માની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ-ત્રણ કલ્યાણકો એકસાથે થયા છે અને અન્ય અનંતા તીર્થંકર પરમાત્માનું મોક્ષ કલ્યાણક થયું છે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

जहाँ अनंत तीर्थंकर परमात्मा की दीक्षा, केवलज्ञान और मोक्ष ऐसे तीन-तीन कल्याणक एक साथ में हुए हैं और अन्य अनंते तीर्थंकर परमात्मा के मोक्ष कल्याणक होने वाले हैं। वो गिरनार गिरिराज का जय हो।

13. जिना अनन्ता अत्रैयुरेष्यन्ति च तथापरे ।
सिषिधुःकेऽपि मुनयोऽपीदं तीर्थमतो महत् ॥

આ ગિરનાર ઉપર અનંતા જિનેશ્વર પરમાત્મા આવ્યા છે, આવશે અને બીજા સિદ્ધિ પામ્યા છે. વળી કેટલાક મુનિઓ પણ આવ્યા છે, આવશે અને સિદ્ધિ પામશે તેથી આ તીર્થ મહાન છે.

इस गिरनार पर अनंत जिनेश्वर परमात्मा आये हुए हैं, भविष्य में आने वाले है और सिद्ध हुए हैं एवं कितने मुनिभगवंत भी आये हुए हैं, भविष्य में आने वाले हैं और सिद्ध होने वाले हैं इस लिए यह तीर्थ महान है।

14. स्मृतोऽयं कुरुते शर्म, दृष्टः कष्टभरं हरेत् ।
स्पृष्टस्त्विष्टं च सिद्धाद्रेः, शृङ्गं ददति (ते) रैवतः ॥

સિદ્ધગિરિના પાંચમા શિખર એવા રૈવતગિરિ (ગિરનાર) નું સ્મરણ કરવાથી સુખ મળે છે, દર્શનથી કષ્ટનો ભાર નાશ પામે છે અને સ્પર્શ કરવાથી ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થાય છે.

सिद्धगिरि के पाँचवा शिखर रैवतगिरि (गिरनार) का स्मरण करने से सुख मिलता है, दर्शन से कष्ट का भार नष्ट होता है और स्पर्श करने से इष्टवस्तु की प्राप्ति होती है।

15. **सूर्याचन्द्रमसौ यत्र क्षणं विश्रान्तवाहनौ ।
किञ्चिदानन्दमासाद्य, यातस्तत्स्तुतितत्परौ ॥**

આ તીર્થમાં સૂર્ય અને ચન્દ્ર પોતાના વિમાન (વાહન)ને કંઈક સમય માટે વિસામો આપી, આનંદ પામી તેની સ્તુતિ કરતાં કરતાં ચાલ્યા જતા હોય તેવા લાગતા હતા.

इस तीर्थ में सूर्य और चंद्र अपने विमान (वाहन) को रोककर आनंद को प्राप्त करके स्तुति करते हुए आगे बढ़ते है ऐसा प्रतीत होता है ।

16. **न ता औषधयो दिव्या, न ताः स्वर्णादिसिद्धयः ।
रसकूपा न ते येऽत्र, गिरौ सन्ति न शाश्वताः ॥**

કોઈપણ એવી શાશ્વતી ઔષધિઓ, સ્વર્ણાદિક સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી કે જે આ ગિરનાર ગિરિરાજ ઉપર ન હોય !

ऐसी कोई भी शाश्वती दिव्य औषधियाँ, स्वर्णादिक सिद्धियाँ और रसकूपिका नहीं है जो इस गिरनार गिरिराज के ऊपर न हो ।

17. **महातीर्थमिदं देव, दिव्यौषधिसमन्वितम् ? ।
कस्य न प्रीतिमाधत्ते, पुण्यैरपि फलैरपि ॥**

દિવ્ય ઔષધિઓથી યુક્ત તેમજ પુણ્યથી અને ફળથી મહાન એવા આ ગિરનાર મહાતીર્થને જોઈને કોને પ્રીતિ ઉત્પન્ન ન થાય ! અર્થાત્ બધાને પ્રીતિ થાય.

दिव्य औषधियाँयुक्त, पुण्य से और इष्टफल से महान ऐसे गिरनार महातीर्थ को देखकर किसको प्रीति नहीं होगी ? अर्थात् सबको प्रीति होती है ।

18. आद्ये धनु:शतं दुःषमाख्ये तद्वद् द्वियोजनी ।
दस तृतीये तुर्ये च, योजनान्यथ षोडश ॥

પહેલા આરામાં સો ધનુષનું, બીજા આરામાં બે યોજનનું, ત્રીજા આરામાં દશ યોજનનું, ચોથા આરામાં સોળ યોજનનું.

19. विंशतिः सुषमाख्ये तु, षष्ठे षट्त्रिंशतिस्तथा ।
उत्सर्पिण्यामिदं मानमुच्चत्वेऽरेषु च क्रमात् ॥

પાંચમા આરામાં વીશ યોજનનું અને છઠ્ઠા આરામાં ૩૬ યોજનનું એ રીતે ક્રમસર ઉત્સર્પિણીકાળમાં છ આરામાં તેનું પ્રમાણ (મતાંતરે કેટલાક ગ્રંથમાં ૨૬ યોજનનું) કહેલું છે.

उत्सर्पिणी के प्रथम आरे में सो धनुष, दूसरे आरे में दो योजन, तीसरे आरे में दस योजन, चोथे आरे में सोलह योजन, पाँचवें आरे में बीस योजन, छट्ठे आरे में ३६ योजन (मतांतर से किसी ग्रंथ में 26 योजन) इस तरह क्रमशः उत्सर्पिणी काल में छहः आरों का प्रमाण बताया है।

20. एतस्यैवावसर्पिण्यां, हीयते च तथैव हि ।
तदयं शाश्वतः शैलः, सर्वपापहरः स्मृतः ॥

અવસર્પિણી કાળમાં તે જ રીતે દરેક આરામાં ક્રમસર ઓછો થતો જાય છે. તેથી આ શાશ્વતગિરિ સર્વ પાપને હરનારો છે.

अवसर्पिणी काल में भी इसी तरह से हरेक आरे में क्रमशः कम होता है । इसी लिए यह शाश्वतगिरि सर्व पापों को हरनारा है।

**21. कैलास उज्जयन्तश्च, रैवतः स्वर्णपर्वतः ।**
**गिरनार-नन्दभद्रावस्यारेष्विति चाभिधाः ॥**

અવસર્પિણીકાળમાં અનુક્રમે કૈલાસ, ઉજ્જયંત, રૈવત, સ્વર્ણગિરિ, ગિરનાર અને નંદભદ્ર એ તેનાં નામો ગણાય છે.

अवसर्पिणीकाल में अनुक्रम से कैलास, उज्जयंत, रैवत, स्वर्णगिरि, गिरनार और नंदभद्र जैसे नामों से प्रचलित है ।

**22. यस्मिन् सहस्राम्रवने नराणां, सार्धं सहस्रेण व्रतं प्रपद्य ।**
**तपांसि भूयांसि चकार नेमिर्वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥**

જ્યાં નેમિકુમારે સહસ્રામ્રવન (સહસાવન)માં એક હજાર રાજકુમારો સાથે દીક્ષાગ્રહણ કરીને ખૂબ તપ કર્યો તે ઉજ્જયંતગિરિને સદા વંદન કરું છું.

जहाँ नेमिकुमार ने सहस्राम्रवन (सहसावन) में एक हज़ार राजकुमारों के साथ दीक्षा ग्रहण करके उग्र तप किया था वह उज्जयंतगिरि को सदा वंदन करता हूँ ।

**23. कर्माणि चत्वारि निहत्य यत्र, श्रीयादवाधीश्वरनेमिनाथः ।**
**ज्ञानं प्रपेदे किल केवलाख्यं, वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥**

જ્યાં ચાર ઘાતીકર્મોને ખપાવીને શ્રી યાદવપતિ નેમિનાથ પરમાત્માએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે ઉજ્જયંતગિરિને સદા વંદન કરું છું.

जहाँ चार घाती कर्मों का क्षय करके श्री यादवपति नेमिनाथ परमात्मा ने केवलज्ञान प्राप्त किया वह उज्जयंतगिरि को सदा वंदन करता हूँ।

**24.** **त्यक्त्वा पवित्रामपि भोजपुत्रीं यत्रोपयेमे वरसिद्धिकन्याम् ।**
**शिवातनूजः शिवतातिरत्र, वन्दे सदा तं गिरिमुज्जयन्तम् ॥**

જ્યાં પવિત્ર એવી ભોજપુત્રી (રાજુલ)નો ત્યાગ કરીને શિવામાતાના નંદન એવા નેમિકુમાર સિદ્ધિવધૂની સાથે જોડાયેલ છે તે ઉજ્જયંતગિરિને સદા વંદન કરું છું.

जहाँ पवित्र ऐसी भोजपुत्री (राजुल) का त्याग करके शिवमाता के नंदन नेमिकुमार सिद्धिवधू के साथ जुड़े हैं, वह उज्जयंतगिरि को सदा वंदन करता हूँ ।

**25.** **श्रीवीतरागस्मरणैकताना, भवन्ति ये ते सुखभाजनं स्युः ।**
**यथाम्बिका रैवतदैवतं श्रीनेमिं स्मरन्ती भवति स्म देवी ॥**

જેમ અંબિકાદેવી રૈવતગિરિ મંડળ શ્રી નેમિનાથ ભગવાનનું સ્મરણ કરતા સુખી થયા તેમ જે વીતરાગ પ્રભુના સ્મરણમાં એકતાન થાય તેઓ સુખી થાય છે.

जैसे अंबिकादेवी रैवतगिरिमंडन श्री नेमिनाथ परमात्मा का स्मरण करके सुखी हुए वैसे जो वीतराग प्रभु के स्मरण में एकतान होते हैं वो सुखी होते हैं ।

**26.** **श्रीब्रह्मेन्द्रकृतेऽयं, श्रीनेमिमूर्तिरमरगणपूज्यः ।**
**विंशतिसागरकोटीः, स जयति गिरनारगिरिराजः ॥**

જ્યાં પાંચમા દેવલોકના શ્રી બ્રહ્મેન્દ્રે બનાવેલી શ્રી નેમિનાથ ભગવાનની વિશકોડાકોડી સાગરોપમ વર્ષ સુધી દેવતાઓના સમૂહ દ્વારા પૂજાયેલી મૂર્તિ બિરાજમાન છે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

जहाँ पाँचवे देवलोक के श्री ब्रह्मेंद्रने बनायी हुई श्री नेमिनाथ भगवान की बीस क्रोड़ाकोड़ी सागरोपम वर्ष तक देवताओं के समूह द्वारा पूजि मूर्ति बिराजमान है । वह गिरनार गिरिराज का जय हो ।

**27. बुद्ध्वा कल्याणत्रयमिह, कृष्णोः रुप्यरुक्ममणिबिम्बम् ।**
**चैत्यत्रयमकृतायं, गिरनारगिरीश्वरो जयति ॥**

જ્યાં નેમિનાથ પરમાત્માના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકો થવાના છે તે જાણીને કૃષ્ણ મહારાજાએ રૂપા, સોના અને મણિઓની પ્રતિમાજીવાળા ત્રણ ચૈત્યો (જિનાલયો) કરાવ્યાં તે ગિરનાર ગિરીશ્વર જય પામે છે.

जहाँ नेमिनाथ परमात्मा के दीक्षा, केवलज्ञान और निर्वाण कल्याणक होने वाले हैं यह जानकर कृष्ण महाराजा ने रुपा, सोना और मणियाँ की प्रतिमाजी वाले तीन चैत्य (जिनालय) बनवाए वह गिरनार गिरीश्वर का जय हो ।

**28. प्रतिद्रुमं प्रतिसरः, प्रतिकूपं प्रतिह्रदम् ।**
**प्रतिस्थानं सुरा आसन्, नेमिध्यान परायणाः ॥**

તે ગિરિના દરેક વૃક્ષોમાં, દરેક સરોવરમાં, દરેક કૂવામાં, દરેક દ્રહમાં, દરેક સ્થાને નેમિનાથ પરમાત્માના ધ્યાનમાં તત્પર એવા દેવો રહેલા છે.

वह गिरि के हर एक पेड़ में, हर एक सरोवर में, हर एक कुंड में, हर एक द्रह में, हर एक स्थान पर नेमिनाथ परमात्मा के ध्यान में तत्पर ऐसे देव रहते हैं।

**29. बहून्येवंहि शृङ्गाणि, कन्दरा अपि भूरिशः ।**
**शिश्रियुर्बहवो देवा, जिनसेवापरायणाः ॥**

શ્રી જિનેશ્વર પરમાત્માની સેવામાં તત્પર એવા ઘણા દેવો તે ગિરિના ઘણા શિખરોમાં, ઘણી ગુફાઓમાં આશ્રય કરીને રહ્યા છે.

श्रीजिनेश्वर परमात्मा की सेवा में तत्पर ऐसे बहुत सारे देव वह गिरि के काफी शिखर ऊपर, काफी गुफाओं में आश्रय लेके रुके हुए हैं।

30. **स्थानेष्वेवं समग्रेष्वधिष्ठितेषु सुरैरथ ।**
**गिरिर्जातः सुरमय, इव स्वर्गान्मनोहरः ॥**

સમગ્ર સ્થાનો દેવોથી અધિષ્ઠિત હોવાના કારણે દેવોમય અર્થાત્ દેવોથી વ્યાપ્ત છે એવો આ પર્વત જાણે કે સ્વર્ગથી પણ મનોહર થઈ ગયો છે.

समग्र स्थान देवों से अधिष्ठित होने के कारण देवमय अर्थात् देवो से व्याप्त है ऐसा यह पर्वत जैसे कि स्वर्ग से भी मनोहर बन गया है।

31. **न श्रीनेमिसमः स्वामी, नोज्जयन्तसमो गिरिः ।**
**न गजेन्द्रपदाभं तु, कुण्डमस्ति जगत्त्रये ॥**

ત્રણ જગતમાં શ્રી નેમિનાથ પ્રભુ સમાન સ્વામી નથી, ઉજ્જયંત સમાન પર્વત નથી અને ગજેન્દ્રપદ (ગજપદ) સમાન કુંડ નથી.

तीनों जगत में श्री नेमिनाथ प्रभु समान स्वामी नहीं है, उज्जयंत समान पर्वत नहीं है और गजेंद्रपद (गजपद) समान कुंड नहीं है।

32. **गजेन्द्रपदमत्रास्ति कुण्डं तुण्डं शिवश्रियाम् ।**
**यत्र जीवस्य संसक्तिः शक्तिः पापापनोदने ॥**

આ તીર્થમાં મોક્ષલક્ષ્મીના મુખ સ્વરૂપ ગજેન્દ્રપદ (ગજપદ) નામે કુંડ છે, જે તેની સ્પર્શના કરનાર જીવોના પાપનો નાશ કરવાને સમર્થ છે.

इस तीर्थ में मोक्ष लक्ष्मी के मुख स्वरुप गजेंद्रपद (गजपद) नामक कुंड है, जो उसकी स्पर्शना करने वाले जीवों के पापों का नाश करने में समर्थ है ।

**33.** **परेषामपि कुण्डानां, प्रभावोऽयं पृथक् पृथक् ।**
**षण्मासे स्नानतो रोगाः, कुष्ठाद्या यान्ति जन्तुषु ॥**

આ ગિરનાર ગિરિરાજ ઉપર રહેલા બીજા પણ કુંડોના જુદા જુદા પ્રભાવ છે, જેમાં છ માસ સુધી સ્નાન કરવાથી જીવોના કુષ્ઠાદિ રોગો નાશ પામે છે.

इस गिरनार गिरिराज ऊपर स्थित दूसरे और भी कुंडों का अलग-अलग प्रभाव है जिसमें छहः महीने तक स्नान करने से जीवों का कुष्ठादि रोगो का नाश होता है ।

**34.** **कासश्वासारुचिग्लानिप्रसूत्युदरजा रुजः ।**
**नश्यन्त्यस्याम्बुपानेन, बाह्या आन्तरगा इव ॥**

ખાંસી, શ્વાસ, અરુચિ, કંટાળો, ઉદાસીનતા, પ્રસૂતિની વેદના, પેટના દર્દો આ બધા બાહ્ય રોગો પણ અંતરંગ (ક્રોધ - માન - માયા - લોભાદિ) રોગની જેમ નાશ પામે છે.

खाँसी, साँस फूलना, अरुचि, कंटाला, उदासीनता, प्रसूति की वेदना, पेट के दर्द जैसे कई बाह्य रोगो के साथ साथ अंतरंग (क्रोध, मान, माया, लोभ आदि) रोगो का भी नाश होता है ।

**35.** **पूजास्नपनदानानि, तपश्चात्र कृतानि वै ।**
**सम्पद्यन्ते मोक्षसौख्यहेतवो भव्यजन्मिनाम् ॥**

આ તીર્થમાં કરવામાં આવતાં પૂજા, અભિષેક, દાન અને તપ વિગેરે ભવ્યજીવોને મોક્ષસુખના હેતુ માટે થાય છે.

इस तीर्थ में होने वाले पूजा, अभिषेक, दान और तप इत्यादि भव्यजीवो को मोक्ष सुख के हेतु के लिए होते हैं।

**36.** **यत्र दानानि दत्तानि, भक्त्योचितदयादिभिः ।**
**ददते सर्वसौख्यानि, भवद्वयहितानि च ॥**

આ તીર્થમાં ભક્તિપૂર્વક ઉચિત દાન - અનુકંપા દાન વિગેરે કર્યા હોય તો તે આલોક અને પરલોકમાં હિતકારક એવા સર્વ સુખોને પામે છે.

इस तीर्थ में भक्तिपूर्वक उचित दान, अनुकंपा दान इत्यादि किए हों, तो वह इहलोक और परलोक में हितकारक ऐसे सर्व सुखों को पाता है।

**37.** **न्यायोपात्तं धनं येऽत्र, कुवर्ते पात्रसान्निजम् ।**
**तेषां समृद्धयः सर्वाः, सम्पद्यन्ते भवे भवे ॥**

આ તીર્થમાં આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

इस तीर्थ में आकर जो अपने न्यायोपार्जित धन का सुपात्र दान में सद्व्यय करते हैं उनको हर भव में सर्व संपत्तियों की प्राप्ति होती है।

**38.** **प्रत्याख्यानं दशविधं, विवेकी कुरुते नरः ।**
**अस्मिन् तस्य क्रमात् स्वर्गसौख्यानि दशधा पुनः ॥**

જે વિવેકી આત્મા અહીં દશ પ્રકારના પચ્ચક્ખાણ (તપ વગેરે) કરે છે, તેને અનુક્રમે દશ પ્રકારના સ્વર્ગસુખ મળે છે.

जो विवेकी आत्मा यहाँ १० प्रकार के पच्चक्खाण (तप) करता है वह अनुक्रमसे १० प्रकार के स्वर्गसुख को पाता है ।

**39.** **चतुर्थषष्ठाष्टमादि, तपो यत्र वितन्वते ।**
**ते नूनं सर्वशर्माणि, भुक्त्वा यान्ति परं पदम् ॥**

આ તીર્થમાં જેઓ ચતુર્થ (ઉપવાસ), છટ્ઠ (બે ઉપવાસ), અટ્ઠમ (3 ઉપવાસ) આદિ તપ કરે છે, તેઓ સર્વ સુખને મેળવીને અવશ્ય પરમપદને પામે છે.

इस तीर्थ में जो चतुर्थ (उपवास), छट्ठ (दो उपवास), अट्ठम (तीन उपवास) आदि करते हैं वह सर्व सुखों को प्राप्त करके परमपद को अवश्य पाते हैं ।

**40.** **शुद्धान्नवस्त्रपानाद्यैः, सुसाधुं प्रतिलम्भयन् ।**
**मुक्तिनारीहृदानन्ददायी भवति भावतः ॥**

આ તીર્થમાં જે જીવો ભાવથી સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્રા વહોરાવે છે, તે મુક્તિરૂપી સ્ત્રીના હૈયાને આનંદ આપનારા થાય છે.

इस तीर्थ में जो जीव भाव से सुसाधु को शुद्ध अन्न, वस्त्र और पात्र का दान करते हैं, वह मुक्तिरुपी स्त्री के हृदय को आनंद देता है।

**41.** **स्वर्णरुप्यान्नवस्त्रादि, यद्ददात्यत्र भावतः ।**
**तदनन्तगुणं सोऽपि, लभते लीलया जनः ॥**

આ તીર્થમાં જે જીવ ભાવપૂર્વક સુવર્ણ, રૂપ્ય, અન્ન અને વસ્ત્રાદિક જેટલા પ્રમાણમાં દાન કરે છે તેના કરતાં અનંતગણું તે લીલામાત્રમાં (સહજતાથી) મેળવે છે.

इस तीर्थ में जो जीव भावपूर्वक स्वर्ण, चाँदी, अन्न और वस्त्र आदि जितनी मात्रा में दान करते हैं, उससे अनंत गुना लीला मात्र में याने सहजता से वापस पाते हैं ।

42. **भावतः प्रतिमामत्र, जिनानां जन्तुरर्चयन् ।**
**लभते शिवसौख्यानि, नृसौख्यस्य किमुच्यते ? ॥**

આ તીર્થમાં જે જીવ ભાવથી શ્રી જિનપ્રતિમાજીની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે તો માનવસુખની તો વાત જ શું કરવી ?

इस तीर्थ में जो जीव भाव से श्री जिनप्रतिमाजी की पूजा करते हैं वे शिवसुख को प्राप्त करते हैं, तो मानवसुख की तो बात क्या करनी !

43. **सुवर्णसिद्धिकारिण्यः, सर्वेप्सितफलप्रदाः ।**
**यत्र सन्ति न चेक्ष्यन्ते, निष्पुण्यै रसकूपिकाः ॥**

આ તીર્થમાં પુણ્યહીન જીવોને નહીં દેખાતી એવી સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વ ઇચ્છિત ફળને આપનારી રસકૂપિકા રહેલી છે.

इस तीर्थ में पुण्य हीन जीव को नहीं दिखने वाली, ऐसी स्वर्ण सिद्धि करानेवाली और सर्व इच्छित फल को देनेवाली रसकूपिका रहती है।

44. **मार्जर-मूषकौ सिंह-वारणावहि-बर्हिणौ ।**
**प्रशान्तवैरा वर्तन्ते, पवित्रे यत्र पर्वते ॥**

આ પવિત્ર પર્વત ઉપર બિલાડી અને ઉંદર, સિંહ અને હાથી, સર્પ અને મોર જેવા પરસ્પર જાતિવૈરી જીવો પણ વેરઝેરને પ્રશાંત કરી સાથે રહેલા છે.

इस पर्वत पर बिल्ली और चूहा, शेर और हाथी, सांप और मोर जैसे परस्पर जाति वैरी जीव भी वैर-जहर को भूलकर प्रशांत होकर रहते हैं ।

45. **प्रत्यासन्नोदयमिषाद्यत्र सर्वेऽपि ते ग्रहाः ।**
**आराद्धुमिव नेमीशं, कुर्वते प्रत्यहं भ्रमिम् ॥**

જ્યાં સર્વ ગ્રહો નજીકના સમયમાં ઉદય પામવાના બહાનાથી શ્રી નેમિનાથ પરમાત્માની આરાધના કરવા માટે હંમેશા ભ્રમણ કરે છે.

जहाँ सर्व ग्रहों निकट समय में उदय पाने की भावना से श्री नेमिनाथ परमात्मा की आराधना करने हेतु सर्वथा (हमेशा) भ्रमण करते हैं ।

46. **ऋतवो यत्र वर्त्तन्ते, परित्यक्तनिजक्रमाः ।**
**एकैकस्पर्द्धया नेमिं, नन्तुं नित्यमिवाकुलाः ॥**

જ્યાં હેમંત, શિશિર, વસંત વગેરે છએ ઋતુઓ શ્રી નેમિનાથ પરમાત્માને નમવા માટે એક પછી એક જાણે સ્પર્ધા કરતી ન હોય ! તેમ આકુળતાથી પોતાનો ક્રમ છોડી સદા પ્રવર્તે છે.

जहाँ हेमंत, शिशिर, बसंत आदि ऋतुएँ श्री नेमिनाथ परमात्मा को नमन करने के लिए एक के बाद एक जैसे स्पर्धा करती ना हो ? वैसे आकुलता से अपना क्रम छोड़कर सदाकाल प्रवर्तित रहती है ।

47. **मलयाद्रौ यथाऽन्येऽपि, यान्ति चन्दनतां द्रुमाः ।**
**तथाऽत्र पापिनोऽप्यङ्गिगणा यान्ति हि पूज्यताम् ॥**

જેવી રીતે મલયગિરિ પર્વતમાં બીજા વૃક્ષો પણ ચંદનપણાને પામે છે, તેવી રીતે આ તીર્થમાં પણ પાપી જીવો પૂજ્યતાને પામે છે.

जिस तरह मलयगिरि पर्वत में अन्य वृक्ष भी चंदन स्वरूप को पाता है, इस तरह से इस तीर्थ में भी पापी जीव पूज्यता को प्राप्त करता है ।

**48. तपःक्षमाभ्यां संयुक्तास्तथा साम्यरसप्लुताः ।**
**त्यक्त्वा धातुमयं देहं, देही प्राप्नोति निर्वृतिम् ॥**

તપ - ક્ષમાથી યુક્ત અને સમતારસથી વ્યાપ્ત એવા જીવો ધાતુમય શરીરને છોડીને મોક્ષપદને પામે છે.

तप, क्षमा से युक्त और समता रस से व्याप्त ऐसे जीव धातुमय शरीर को छोड़कर मोक्षपद को प्राप्त करता है ।

**49. भूरुहा दृषदो भूमि-वाय्वम्ब्वग्नि-शरीरिणः ।**
**अचेतना अपि शिवं यातारोऽत्र कियद्दिनैः ॥**

અહીં રહેલા અવ્યક્ત ચેતનાવાળા વૃક્ષો, પથ્થરો, ભૂમિ, વાયુ, જલ અને અગ્નિકાયના જીવો કેટલાક સમયમાં કલ્યાણને પામશે.

यहाँ रहते अव्यक्त चेतना वाले पेड़, पत्थर, भूमि, वायु, जल और अग्निकाय के जीव, कुछ समय में ही कल्याण को प्राप्त करेंगे ।

**50. प्राप्यते पुरुषैर्नूनं, यस्य तीर्थस्य सेवनात् ।**
**इह सर्वस्य सम्पत्तिः, परमं च परं पदम् ॥**

આ તીર્થની સેવાથી જીવો વડે આ લોકની બધી સંપત્તિ અને પરલોકમાં મોક્ષ નિશ્ચિતપણે મેળવાય છે.

इस तीर्थ की सेवा से जीवों को इस लोक की सर्वसंपत्ति और परलोक में मोक्ष निश्चित रुप से मिलता है ।

51. **सर्वकल्याणनिर्माणप्रवीणे रैवते गिरौ ।**
**भवद्वयेऽपि नो भीतिर्दारिद्र्यस्य तथैनसः ॥**

સર્વ કલ્યાણનું નિર્માણ કરાવનાર રૈવતગિરિ હોય ત્યાં આ ભવ કે પરભવમાં દારિદ્ર અને પાપનો કોઈ ભય રહેતો નથી.

सर्व कल्याण का निर्माण करने वाला रैवतगिरि जहाँ हो वहाँ इस भव या परभव में दारिद्र और पाप का कोई भय नहीं रहता ।

52. **पर्वताः सर्व एवैते, जलस्थलखचारिणः ।**
**जीवाः सन्त्यत्र ये शैले, भवत्रयमुमुक्षवः ॥**

આ તીર્થના બધા પર્વતો (પૃથ્વીકાય) – જલચર, થલચર – ખેચર જીવો જે અહીં છે, તે ત્રણ ભવમાં મોક્ષ પામનારા છે.

इस तीर्थ के सारे पर्वत पृथ्वीकाय, जलचर, थलचर, खेचर जीव जो यहाँ पर हैं, वह तीन भव में मोक्ष को पाने वाले हैं ।

53. **महातीर्थमिदं सर्वतीर्थोत्कृष्टं जगत्त्रये ।**
**तिर्यञ्चोऽपि हि यद्वासात्, सिद्ध्यन्त्यन्तर्भवाष्टकम् ॥**

ત્રણ જગતમાં સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ એવું આ મહાતીર્થ છે, જેમાં નિવાસ કરવાથી તિર્યંચ પણ આઠ ભવની અંદર સિદ્ધિને પામે છે.

तीनों जगत में, सर्व तीर्थ में उत्कृष्ट ऐसा यह महातीर्थ है, जिसमें निवास करने से तिर्यंच भी आठ भव के अंदर सिद्धि पद को पाते हैं ।

54. भ्रमतां पक्षिणां खेऽपि, छाया येषां स्पृशत्यमुम् ।
लभन्ते कुगतिं नैते, किं पुनः सहवासिनः ॥

આકાશમાં ભમતા જે પક્ષીઓની છાયા પણ આ તીર્થને સ્પર્શે છે, તેઓ દુર્ગતિને પામતા નથી, તો ત્યાં રહેનારા જીવોનું તો શું કહેવું ?

आसमान में उड़ने वाले जीन पंछियों की छाया भी इस तीर्थ को स्पर्श करती है वह भी दुर्गति को नहीं पाते, तो वहाँ रहने वाले जीवों का तो क्या कहना !

55. लभन्ते सेवनाद्यस्य, प्राणिनः पापिनोऽप्यलम् ।
सर्वकर्माणि संक्षिप्य, शिवमव्यक्तमक्षयम् ॥

આ તીર્થની સેવાથી પાપી પ્રાણીઓ પણ સર્વ કર્મોનો ક્ષય કરીને અક્ષય પદને પામે છે.

इस तीर्थ की सेवा से पापी जीव भी सर्व कर्मों का क्षय करके अक्षय पद को पाते हैं ।

56. तावत्सर्वाणि पापानि, तावद् दुखान्यनेकशः ।
तावत् संसारवासोऽत्र, न यावद् रैवते गमः ॥

જ્યાં સુધી રૈવતગિરિ જવાય નહીં ત્યાં સુધી જ સર્વ પાપ, સર્વ દુઃખ અને ત્યાં સુધી જ સંસારમાં વાસ (ભ્રમણ) રહે છે.

जब तक रैवतगिरि जाते नहीं, तब तक ही सर्व पाप, सर्व दुख और तब तक ही संसार में वास याने भव भ्रमण रहता है ।

57. **सर्वकर्मक्षयं कृत्वा सङ्ख्यातीतास्तनूभृतः ।**
**मुक्तिं याता गमिष्यन्ति, प्रयान्ति च न संशयः ॥**

આ રૈવતગિરિ (ગિરનાર) ઉપર અસંખ્ય જીવો સર્વકર્મ ક્ષય કરીને મુક્તિ પામ્યા છે, પામે છે અને પામશે એમાં કોઈ સંશય નથી.

इस रैवतगिरि (गिरनार) के ऊपर असंख्य जीव सर्व कर्मक्षय करके मुक्ति पद को प्राप्त किया है, कर रहे है और करेंगे, इस में कोई संशय नहीं है।

58. **पुण्यस्थावरतीर्थेषु, स्वर्भूर्भूतलवर्त्तिषु ।**
**उज्जयन्तगिरेस्तुल्यं, तीर्थं नास्ति जगत्त्रये ॥**

સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોકમાં આવેલા પવિત્ર સ્થાવર તીર્થોમાં ઉજ્જયંતગિરિ સમાન અન્ય તીર્થ ત્રણેય લોકમાં ક્યાંય નથી.

स्वर्गलोक, मृत्युलोक और पाताललोक में आए हुए पवित्र स्थावर तीर्थ में उज्जयंतगिरि समान अलभ्य तीर्थ तीनों लोक में कहीं नहीं है।

59. **महातीर्थमिदं तेन, सर्वपापहरं स्मृतम् ।**
**शत्रुञ्जयगिरेरस्य, वन्दने सदृशं फलम् ॥**

આ મહાતીર્થને સર્વ પાપનું હરણ કરનાર કહેવામાં આવે છે, શત્રુંજય તીર્થને અને આ ગિરનાર તીર્થને વંદન કરતાં સમાન ફળ મળે છે.

इस महातीर्थ को सर्व पापों को नष्ट करने वाला बताया गया है। शत्रुंजय तीर्थ को और गिरनार तीर्थ को वंदन करने से समान फल मिलता है।

**60.** **अस्ति चेत्पापतो भीतिर्मतिः पुण्येऽतिनिर्मला ।**
**सद्गत्याप्तिप्रतिभुवं, तद्रैवतमभिश्रय ॥**

જો તમને પાપનો ડર હોય અને પુણ્યમાં નિર્મળ બુદ્ધિ હોય તો સદ્ગતિ મેળવવામાં સાક્ષીભૂત એવા રૈવતગિરિ મહાતીર્થનો આશ્રય કરો ! અર્થાત્ તેનું શરણું લો !

जो आपको पापों का डर हो और पुण्य में निर्मल बुद्धि हो तो सद्गति पाने में साक्षीभूत ऐसे रैवतगिरि महातीर्थ का आश्रय करो ! अर्थात् उसकी शरण लो !

**61.** **सर्पिर्मधुभ्यां ध्माता यन्मृत्तिका गुरुयोगतः ।**
**हेमत्वं लभते तस्य, महिमा वर्ण्यते कथम् ॥**

ગુરુ પાસેથી સંમતિ અને વિધિ મેળવીને ઘી અને મધ વડે ગરમ કરાયેલી આ ગિરનાર પર્વતની માટી પણ સોનું બની જાય છે, આવા ગિરનારનો મહિમા કઈ રીતે વર્ણવી શકાય ?

गुरु के पास से संमति और विधि ग्रहण कर के घी और मध द्वारा गरम की गई इस गिरनार पर्वत की मिट्टी भी हेम याने सोना (सुवर्ण) बन जाती है ! ऐसे गिरनार के महिमा का वर्णन कैसे कर सकते हैं ?

**62.** **यथा स्पर्शोपलस्पृष्ट, लोहं प्राप्नोति हेमताम् ।**
**तथास्य स्पर्शतो देहो, भवेच्चिन्मयरूपभाक् ॥**

પારસમણિના સ્પર્શથી લોઢું જેમ હેમસ્વરૂપ એટલે કે સોનું બની જાય છે તેવી રીતે આ ગિરનાર-ગિરિના સ્પર્શથી શરીર આત્મસ્વરૂપને ભજનારું થાય છે.

पारसमणि के स्पर्श से लोहा भी हेम याने सोना (सुवर्ण) बन जाता है, वैसे ही इस गिरनार गिरि के स्पर्श से शरीर आत्मस्वरुप को भजनेवाला बनता है ।

**63. अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।**
**आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥**

અન્યત્ર રહીને પણ ગિરનાર ગિરિવરનું ધ્યાન કરતાં જીવ આગામી ચતુર્થ ભવમાં નિશ્ચિત કેવલી થાય છે.

अन्यत्र रहके भी गिरनार गिरिवर का ध्यान करने वाला जीव आगामी चतुर्थ भव में निश्चित केवली बनता है।

**64. विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः ।**
**एकशोऽपि कृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥**

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ એક વાર પણ આ તીર્થની વિધિપૂર્વક અને ભાવથી યાત્રા કરવામાં આવે તો તે આત્માને મુક્તિ પ્રાપ્ત થાય છે.

शास्त्र के अनुसार एक बार भी इस तीर्थ की विधिपूर्वक और भाव से यात्रा करने में आए तो उस आत्मा को मुक्ति प्राप्त होती है।

**65. मग्नैः कुटुम्बजम्बाले, यैर्मिथ्याकार्यजर्जरैः ।**
**नोज्जयन्ते नतो नेमिस्ते चेज्जीवन्ति के मृताः ?**

સંસારના મિથ્યા કાર્યોથી જર્જરિત બનેલા અને કુટુંબરૂપી કાદવમાં ખૂંચેલા એવા જે લોકો ઉજ્જયંતગિરિ ઉપર નેમિનાથ પરમાત્માને નમન કરવા આવ્યા નથી તેવા જીવોને જો જીવતા ગણવામાં આવે તો પછી મરેલા કોને કહેવા ? (અર્થાત્ તેઓ મરેલા (મડદા) જેવા જ ગણાય.)

संसार के मिथ्याकार्यों में जर्जरित बने हुए और कुटुम्बरुपी कीचड में खुपे हुए जो लोग उज्जयंतगिरि ऊपर नेमिनाथ परमात्मा को नमन करने आए नहीं हैं, वह जीवों को अगर जीवित माना जाये तो फिर मरे हुए किसे कहना ? अर्थात् वो मुड़दे के जैसे ही माने जाते हैं ।)

66. नित्यानित्यस्थावरजङ्गमतीर्थाधिकं जगत्त्रितये ।
पर्वसु ससुरेन्द्रार्च्यः, स जयति गिरनारगिरिराजः ॥

ત્રણ જગતમાં રહેલા નિત્ય અનિત્ય અર્થાત્ શાશ્વત - અશાશ્વત સ્થાવર જંગમતીર્થોથી જે અધિક શ્રેષ્ઠ છે અને પર્વ દિવસોમાં દેવો સહિત ઇન્દ્રો જેને પૂજે છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

तीन जगत में नित्य – अनित्य अर्थात् शाश्वत – अशाश्वत तीर्थों से जो अधिक श्रेष्ठ है और पर्व दिनों में देवों के साथ इन्द्र भी जिसकी पूजा करते हैं, वह गिरनार गिरिराज का जय हो ।

67. स्वर्भूर्भुवःस्थचैत्ये यस्याकारं सुरासुरनरेशाः ।
संपूजयन्ति सततं, स जयति गिरनारगिरिराजः ॥

સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

स्वर्गलोक, पाताललोक एवं मृत्युलोक के चैत्यो में सुर, असुर और राजा जिसके आकार को हमेशा पूजते हैं, वह गिरनार गिरिराज का जय हो ।

68. दृष्ट्वा किञ्चित् संप्रत्यक्षं, ज्ञात्वा च स्वानुभूतया ।
श्रीगिरनारमाहात्म्यं, सर्वहिताय गुम्फितम् ॥

69. विविधतन्त्रश्लोकानां, सङ्ग्रहः क्रियते मया ।
गिरिसप्ततिकाकल्पः रैवतगिरिनिश्रया ॥

**70. चैत्रे श्रीचन्द्रधर्मस्य, हेमवल्लभसूरिणा ।**
**अमासे द्विसहस्त्रस्यैकाशीतिपरिवत्सरे ॥**

કંઈક પ્રત્યક્ષ જોઈને, કંઈક સ્વાનુભૂતિથી જાણીને સર્વ જીવોના હિત માટે આ ગિરનાર માહાત્મ્યને વિક્રમ સંવત બે હજાર એક્યાશી (૨૦૮૧) વર્ષના ચૈત્ર માસની અમાસના દિવસે રૈવતગિરિ (ગિરનાર) ની પાવનનિશ્રામાં વિવિધ શાસ્ત્રોમાંથી ચૂંટીને શ્લોકોના સંગ્રહ સ્વરૂપ આ ગિરનાર સપ્તતિકાકલ્પનું ગુંથન પંન્યાસ ચન્દ્રશેખર મહારાજ સાહેબના શિષ્ય આચાર્ય ધર્મરક્ષિતસૂરિ મહારાજના શિષ્ય આચાર્ય હેમવલ્લભસૂરિ વડે થયેલ છે.

कुछ प्रत्यक्ष देखकर, कुछ स्वानुभूति से जानकर सर्व जीवों के हित के लिए यह गिरनार माहात्म्य को विक्रम संवत दो हजार इकाशी (२०८१) की साल के चैत्र मास की अमास के दिन रैवतगिरि (गिरनार) की पावन निश्रा में विविध शास्त्रो से चुन चुन कर कीये हुए श्लोक के संग्रह स्वरुप यह गिरनार सप्ततिकाकल्प का गुंथन पंन्यास चन्द्रशेखर महाराज साहेब के शिष्य आचार्य धर्मरक्षितसूरि के शिष्य महाराज साहेब के शिष्य आचार्य हेमवल्लभसूरि द्वारा हुआ है ।

# પરિશિષ્ટ - 1

## શ્રી નેમિપ્રભુના શ્રીમુખેથી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય

**(શત્રુંજય માહાત્મ્ય - સર્ગ 13, ગાથા - 25 થી 50)**

આ રૈવતાચલગિરિ પુંડરીક ગિરિરાજનું સુવર્ણમય શિખર છે. મંદાર અને કલ્પવૃક્ષો વગેરે ઉત્તમ વૃક્ષોથી વીંટાઈને રહેલું છે. તે મહાતીર્થ ઝરતા ઝરણાઓથી હંમેશા પ્રાણીઓનાં પાતકને ધોઈ નાંખે છે અને સ્પર્શથી પણ હિંસાના પાપને ટાળે છે. આ ગિરિરાજ પુણ્યનો રાશિ અને પૃથ્વીના તિલક જેવો છે. વળી સર્વજ્ઞ ભગવાનનાં ચરણથી પવિત્ર થવાના યોગે ત્રણ લોકના આભૂષણરૂપે શોભે છે. સર્વ તીર્થોમાં ઉત્તમ અને સર્વ તીર્થની યાત્રાના ફળને આપનાર આ ગિરિરાજ દર્શન અને સ્પર્શનમાત્રથી સર્વ પાપોને હણે છે. જલ તથા ફલ સહિત અને ભદ્રશાળાદિ વનથી વીંટાયેલો આ રમણીય રૈવતગિરિ ઈન્દ્રોનો એક ક્રીડાપર્વત છે. જ્યાં સુધી રૈવતાચલે જવાય નહિ, ત્યાં સુધી જ સર્વ પાપ, ત્યાં સુધી જ સર્વ દુઃખ અને ત્યાં સુધી જ સંસારમાં વાસ છે. આ ગિરિરાજ પર આવીને જેઓ પોતાના ન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં સદ્વ્યય કરે છે, તેઓને ભવોભવ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. ભવ્ય પ્રાણીઓમાં ઉત્તમ એવો જે કોઈ પ્રાણી આ તીર્થમાં માત્ર એક દિવસ પણ શીલ ધારણ કરે છે, તે હંમેશા સુર, અસુર, નર અને નારીઓથી સેવવા યોગ્ય થાય છે. વળી જે વિવેકી પુરુષ અહીં દશ પ્રકારના પ્રત્યાખ્યાન (તપ) કરે છે, તેને અનુક્રમે દશ પ્રકારના સ્વર્ગસુખ મળે છે. આ તીર્થમાં જેઓ ચતુર્થ (એક ઉપવાસ), છઠ્ઠ (બે ઉપવાસ) અને અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) આદિ તપ કરે છે, તેઓ સર્વ સુખને ભોગવી અવશ્ય પરમપદને પામે છે.'

'જે પ્રાણી અહીં ભાવથી શ્રી જિનપ્રતિમાની પૂજા કરે છે, તે શિવસુખને પ્રાપ્ત કરે છે, તો માનવસુખની તો વાત જ શી કરવી ? જે પ્રાણી અહીં ભાવથી સુસાધુને શુદ્ધ અન્ન, વસ્ત્ર અને પાત્ર વગેરે વહોરાવે છે, તે મુક્તિરૂપી

સ્ત્રીના હૃદયને આનંદ આપનારો થાય છે. આ તીર્થમાં સુવર્ણ, રૂપ્ય, અન્ન અને વસ્ત્રાદિક જે ભાવપૂર્વક જેટલા પ્રમાણમાં આપે છે, તેના કરતાં અનંતગણું લીલામાત્રમાં (સહજતાથી) તે મેળવે છે. ત્રણ જગતમાં સર્વ તીર્થોને વિષે ઉત્કૃષ્ટ એવું આ મહાતીર્થ છે, જેમાં નિવાસ કરવાથી તિર્યંચ પણ આઠ ભવની અંદર સિદ્ધિને પામે છે. આ રૈવતગિરિ ઉપર વસતા વૃક્ષો અને મયૂરાદિ પક્ષીઓ પણ ધન્ય અને પુણ્યશાળી છે, તો મનુષ્યોની શી વાત કરવી ? દેવતાઓ, ઋષિઓ, સિદ્ધપુરુષો, ગંધર્વો અને કિન્નરાદિ આ તીર્થની સેવા કરવાને માટે સદા ઉત્સાહથી આવે છે. તેવી કોઈ પણ શાશ્વતી દિવ્ય ઔષધિઓ, સ્વર્ણાદિક સિદ્ધિઓ અને રસકૂપિકાઓ નથી, કે જે આ ગિરિરાજ પર ન હોય ! આ તીર્થમાં મોક્ષલક્ષ્મીના મુખરૂપ ગજેન્દ્રપદ નામે કુંડ છે, જે તેની સ્પર્શના કરનાર જીવોના પાપનો નાશ કરવાને સમર્થ છે. આ ગિરિરાજ ઉપર રહેલા બીજા પણ કુંડોનો જુદો જુદો પ્રભાવ છે, જેમાં છ માસ માત્ર સ્નાન કરવાથી પ્રાણીઓના કુષ્ટાદિક રોગો નાશ પામે છે.'

આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુનાં મુખકમળથી ગિરનાર ગિરિનો મહિમા સાંભળીને પુણ્યવાન એવા સુર, અસુર અને નરેશ્વરો હર્ષ પામ્યા. પછી કૃષ્ણ વાસુદેવે પૂછ્યું : 'હે પ્રભુ ! આ પ્રતિમા મારા પ્રાસાદમાં સ્થાપન કરવાની છે. તે ત્યાં કેટલો કાળ રહેશે અને પછી બીજે ક્યાં ક્યાં પૂજાશે ?' પ્રભુ બોલ્યા : 'જ્યાં સુધી તમારું નગર રહેશે, ત્યાં સુધી તમારા પ્રાસાદમાં પૂજાશે અને પછી કાંચનગિરિ પર દેવતાઓથી પૂજાશે. અમારા નિર્વાણ સમય પછી અતિ દુઃખદાયક બે હજાર વર્ષ ઉલ્લંઘન થશે, ત્યારપછી અંબિકાની આજ્ઞાથી રત્ન નામે એક ઉત્તમ અને સારી ભાવનાવાળો વણિક ત્યાંથી લાવી, આ રૈવતગિરિ પર પ્રાસાદ કરાવી, તેમાં સ્થાપિત કરીને તે પ્રતિમાની પૂજા કરશે. પછી એક લાખ, ત્રણ હજાર, બસો ને પચાશ વર્ષ સુધી ત્યાં રહીને પછી ત્યાંથી તે અંતર્ધાન થઈ જશે. એકાંત દુષમા કાળમાં તેને સમુદ્રમાં રાખીને અંબિકાદેવી તેની પૂજા કરશે અને હે હરિ (કૃષ્ણ) ! પછી તેને બીજા દેવતાઓ પૂજશે.'

## श्री नेमिप्रभु के श्रीमुख से गिरनार महातीर्थ का माहात्म्य
## (शत्रुंजय माहात्म्य : सर्ग - 13, गाथा - 25 से 50)

प्रभु कहते हैं कि - यह रैवतगिरि पुंडरिक गिरिराज का सुवर्णमय पाँचवां मुख्य शिखर है, जो मन्दार और कल्पवृक्ष आदि उत्तम वृक्षों से लिपटा हुआ है। यह महातीर्थ हमेशा झरते हुए झरनों से भव्य जीवों के पापों का प्रक्षालन करता है। इसके स्पर्श मात्र से हिंसा के पाप दूर हो जाते हैं। गिरनार महातीर्थ पुण्य का ढेर है और पृथ्वी के तिलक समान है। सर्वज्ञ भगवंतों के चरणों से पवित्र बना यह गिरनार तीर्थ तीन लोक के आभूषण समान है। सर्व तीर्थों में उत्तम और सर्व तीर्थ की यात्रा का फल देनेवाले इस गिरनार महातीर्थ के दर्शन और स्पर्श मात्र से सर्व पापों का नाश हो जाता है। भद्रशाल आदि वन में सर्व ऋतुओं में सर्व जाति के फूल खिलते हैं। जल और फल सहित भद्रशाल आदि वन से घिरा हुआ यह रमणीय गिरनार पर्वत इंद्रों का क्रीड़ा पर्वत है। जब तक गिरनार महातीर्थ की यात्रा नहीं की हो, तब तक ही जीवों के सर्व दुःख, सर्व पाप और संसार का घोर भ्रमण रहता है। जो जीव - गिरनार महातीर्थ पर आकर अपना न्यायोपार्जित धन सुपात्र दान द्वारा सद्व्यय करते हैं, उनको अनेक भवों तक - सर्व संपत्ति प्राप्त होती है। उत्तम ऐसे भव्य जीव गिरनार महातीर्थ में मात्र एक दिन भी शील धारण करते हैं, उनकी हमेशा सुर-असुर, नर और नारियाँ सेवा करते हैं। जो विवेकी पुरुष यहाँ दस प्रकार के प्रत्याख्यान (तप) करता है, उसे क्रमशः दस प्रकार के स्वर्गसुख मिलते हैं। गिरनार महातीर्थ में जो उपवास, छठ्ठ (दो उपवास), अट्ठम (तीन उपवास) आदि तप करते हैं, वे सब सुखों का उपभोग करके मोक्षपद अवश्य प्राप्त करते हैं।

जो यहाँ आकर भाव से जिनप्रतिमा की पूजा करते हैं, वे मोक्ष सुख को प्राप्त करते हैं, तो मानवसुख की तो बात ही क्या करनी ? जो यहाँ सुसाधु को शुद्ध अन्न, वस्त्र और पात्र वहोराते हैं, वे मुक्ति रुपी स्त्री के हृदय को आनंदित करते हैं । इस तीर्थ में जो भावपूर्वक, जितने प्रमाण में सोना, चाँदी, अन्न, वस्त्रादिक का दान देता है, उससे भी अनंतगुना वह प्राप्त करता है । तीन जगत में सर्व तीर्थों में उत्कृष्ट इस महातीर्थ में निवास करने से तिर्यंच भी आठ भव में सिद्धि प्राप्त करते हैं । इस रैवतगिरि पर स्थित वृक्ष और पक्षी भी धन्य और पुण्यशाली हैं, तो मनुष्यों की बात ही क्या करनी ? देवता, ऋषि, सिद्धपुरुष, गंधर्व और किन्नरादि हमेशा इस तीर्थ की सेवा करने आते हैं । जगत में कोई भी ऐसी औषधियाँ, सुवर्णादि सिद्धियाँ और रसकूपिकाएँ नहीं, जो इस गिरनार तीर्थ पर न मिले । गिरनार महातीर्थ में 'मोक्षलक्ष्मी' के मुख रुप रहे हुए 'गजेन्द्रपद' (गजपद) नामक विशाल कुंड के पवित्र जल के स्पर्श से ही अनेक जन्मों के पापों का नाश होता है । गिरनार पर रहे हुए गजपद कुंड आदि अन्य कुंडों का अलग-अलग प्रभाव है, जिसमें मात्र 6 महीने स्नान करने से प्राणियों के कुष्ठादि रोग नाश होते हैं ।

इस प्रकार बालब्रह्मचारी श्री नेमिनिरंजन के मुखकमल से गिरनार तीर्थ की महिमा सुनकर पुण्यशाली सुर-असुर और नरेश्वर आनंदित होते हैं । उस अवसर पर श्री कृष्ण वासुदेव प्रश्न करते हैं, ''हे परम करुणासागर ! यह प्रतिमा जो मेरे प्रासाद में स्थापित करवानी है, वह वहाँ कितने समय तक रहेगी ? इसके बाद इसकी कहाँ-कहाँ पूजा होगी ?''

प्रभु कहते हैं, ''जब तक द्वारिकापुरी रहेगी तब तक यह प्रतिमा तुम्हारे प्रासाद में पूजी जाएगी । उसके बाद कांचनगिरि पर देवताओं के द्वारा इसकी पूजा होगी । मेरे निर्वाण के 2000 वर्ष के बाद अंबिकादेवी

की आज्ञा से उत्तम भावनावाला रत्नसार नामक वणिक एक गुफा में से प्रतिमा को रैवतगिरि के प्रासाद में बिराजमान कर, पूजा करेगा । बाद में 1,03,250 वर्ष तक यह प्रतिमा वहाँ रहकर फिर वहाँ से अदृश्य होगी । उस समय दुषम-दुषम काल का छठ्ठा आरा प्रारंभ होते ही अधिष्ठायिका अंबिकादेवी उस जिनबिंब को पाताललोक में पूजेगी। अन्य देवता भी उसकी पूजा करेंगे ।"

# પરિશિષ્ટ - 2

## પ્રભુ મહાવીર દ્વારા શ્રી ગિરનાર મહાતીર્થનું માહાત્મ્ય
## (શત્રુંજય માહાત્મ્ય - સર્ગ 10, ગાથા 8 થી 41)

હે ઇન્દ્ર ! સાંભળ, આ સિદ્ધગિરિનું પાંચમું શિખર રૈવતગિરિ (ગિરનાર) છે, તે પાંચમા જ્ઞાન (કેવળજ્ઞાન)ને આપવાવાળું છે. સર્વ રાજાઓએ સેવવા યોગ્ય, સર્વ પર્વતોનો પતિ અને આશ્રિતજનોના દુઃખનો હરનાર એ રૈવતગિરિ જયવંત વર્તે છે. એ ગિરિ અનેક અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને તિરસ્કાર કરવામાં સૂર્યરૂપ છે, જગતના પાપને દૂર કરનાર છે અને લક્ષ્મીના ઉલ્લાસ વડે તેજસ્વી છે. ત્યાં ભક્તિ વડે ઉચિત દાન કે અનુકંપા દાન વગેરે આપ્યાં હોય તો તે આલોક અને પરલોકમાં હિતકારક એવા સર્વે સુખો આપે છે અને તેના પ્રકાશિત પુણ્યનાં કિરણોથી ક્ષણવારમાં માખણની જેમ ભવભ્રમણથી ઉત્પન્ન થયેલો પાપપિંડ પણ ગળી જાય છે. જેઓએ વારંવાર સુકૃત કર્યા હોય તેવા કૃતાર્થ પ્રાણીઓ જ સર્વ દેવતામય આ ગિરિરાજને દૃષ્ટિ વડે દેખે છે. સર્વદા સર્વદાયક એવો એ ગિરિ જાણે સર્વ પર્વતોનો રાજા હોય તેમ જણાવવાને ચમરી ગાયો ચામરથી સર્વકાલ વીંજ્યા કરે છે. જે ગિરિમાં પ્રાણીઓને આપત્તિનો લેશ – આપલ્લવો ફક્ત વૃક્ષોમાં જ હતો, અંધકાર ગુફાઓમાં જ હતો, (પાણી) જડતા સરોવરમાં જ હતી, ખરાબ વર્ણ દુર્વર્ણ ધાતુઓમાં જ હતો, દ્વિજિહ્વપણું (પક્ષે પિશુનપણું) સર્પમાં જ હતું, કુમુદાકર (પોયણાનો સમૂહ, પક્ષે કુ-નઠારો હર્ષ) જડ (પક્ષે જલ)માં જ હતો, કઠિનતા પાષાણોમાં જ હતી, ઉગ્રપણું તપસ્યામાં હતું, ચપળતાં લતાઓમાં જ હતી, પક્ષ (પક્ષપાત – પાંખો) પક્ષીઓમાં જ હતો. પ્રદોષ (સાયંકાલ, પક્ષે ઉત્કૃષ્ટ દોષ), રાત્રિના મુખમાં જ હતો અને ભય પાપમાં જ હતો. જે ગિરિમાં આહાર છોડી, શુભ આચાર પાળી, કામદેવને જીતનારા અને મનને હરનારા

મુનિઓ અને દેવતાઓ નિત્ય શ્રી નેમિનાથ પ્રભુને નમે છે. જ્યાં કોઈ જગ્યાએ અપરિમિત ધ્યાન વડે માનને ગ્લાનિ કરતા અને જ્ઞાનના ઉદયથી શોભતા એવા મુનિઓ નિત્ય મહાન **અર્હંત** પ્રભુનાં તેજનું ધ્યાન કરે છે; પવનનો પવિત્ર આહાર કરતા અને વિષમમાર્ગે ચાલતા એવા યોગીઓ જ્યાં **અર્હંતપદ**ની ઉપાસના કરતા કોઈ ઠેકાણે દૃષ્ટિએ પડે છે; અપ્સરાઓના ગણ, ગંધર્વો, સિદ્ધપુરુષો, વિદ્યાધરો અને નાગકુમારો નિર્મલ હૃદયથી જ્યાં સદા શ્રી નેમિનાથ પ્રભુની સેવા કરે છે; જે પવિત્ર પર્વત ઉપર માર્જાર અને મૂષક, સિંહ અને હાથી, સર્પ અને મયૂર; પરસ્પરના જાતિવૈરને શાંત કરીને રહેલા છે; જ્યાં મણિઓની કાંતિ વડે જ સૂર્ય ચન્દ્ર વિના પણ પ્રકાશના સંચારવાળા સર્વ પ્રદેશો છે. જ્યાં સર્વ ગ્રહો નજીક ઉદયના બહાનાથી શ્રી નેમિનાથ પ્રભુની આરાધના કરવા માટે હંમેશા ભ્રમણ કરે છે. જ્યાં વસંતાદિ છએ ઋતુઓ શ્રી નેમિનાથ પ્રભુને નમવાને માટે એક એકની સ્પર્ધા કરતી હોય, તેમ આકુલતાથી પોતાનો ક્રમ છોડી સદૈવ પ્રવર્તે છે, ચન્દ્રકિરણોના સ્પર્શથી ઝરતા ચન્દ્રકાંત મણિના જલ વડે મનોહર દ્રહોને ઉલ્લાસતી નદીઓ જ્યાં શોભે છે; સૂર્યનાં કિરણો વડે પ્રકાશિત સૂર્યકાંત મણિમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે જ્યાં પ્રાણીઓ ગાઢ કર્મરૂપ ઈંધણને જાણે બાળી નાંખે છે. પોલા વાંસના વાદ્યથી, કિન્નરીઓના ગીતથી અને ઝરણાંના ઝંકારથી પોતાની મેળે ઉત્પન્ન થયેલું ત્રણ પ્રકારનું સંગીત હંમેશા જેની સેવા કરે છે; જેની ચોતરફ ચારે દિશાઓમાં ચાર ગતિરૂપ ભવદુઃખથી રક્ષા કરવામાં ચતુર એવા પર્વતો શોભી રહ્યા છે; જેની ચારે દિશાઓમાં ઉલ્લાસ પામતા સ્વચ્છ જલ વડે પાપરૂપ મોટી આપત્તિને છેદનારી ચાર મહાનદીઓ રહેલી છે; જ્યાં હાથીપગલાં વગેરે પવિત્ર કુંડો દેવતાઓએ અમરપણા માટે જાણે અમૃતથી ભરેલા હોય તેવા પરિપૂર્ણ શોભે છે; પોતાની પાસે યાચનાર પ્રાણીઓનાં દુઃખને હણવાને અને મોક્ષદાનનો અભ્યાસ કરવા માટે હોય તેમ કલ્પવૃક્ષો જ્યાં પોતે આવીને નિવાસ કરી રહેલા છે; સુવર્ણસિદ્ધિ કરનારી અને સર્વ ઈચ્છિતફલને આપનારી પણ પુણ્યહીન પ્રાણીઓને નહિ દેખાતી રસકૂપિકા

જ્યાં રહેલી છે; જ્યાં પવિત્ર જળના ભ્રમ વડે સરોવરો, પ્રાણીઓનાં મોટાં પાપકર્મોને ક્ષણમાં ક્ષય કરે છે અને સુખનાં સ્થાનોને આપે છે; જ્યાં કમલોનાં ઉદયના મિષથી (બહાનાથી) કમલાલક્ષ્મીનો ઉદય કરનારા મનોહર જલના દ્રહો કમલોના વિકાસથી અતિ હર્ષ આપે છે; જ્યાંના દ્રહો રાજહંસ-પદ માટે ઉપાસવા યોગ્ય છે, રાજહંસપદ (સિદ્ધિપદ)ને આપનારા છે અને તેઓમાં રાજહંસપદની પ્રાપ્તિ કરનારા કુમુદ (કમળો) વિકાસી રહેલા છે – એવો એ સિદ્ધગિરિના શિખર એવા રૈવતગિરિને સ્મરણ કરવાથી સુખ આપે છે. દર્શનથી કષ્ટ હરે છે અને સ્પર્શ કરવાથી ઈષ્ટવસ્તુને આપે છે. શ્રીમાન્ નેમિનાથ પ્રભુ બીજા પર્વતોને છોડી, જેનો સર્વદા આશ્રય કરીને રહેલા છે, તે રૈવતગિરિનું વિશેષ શું વર્ણન કરવું ? અર્થાત્ તેના મહિમાનું વર્ણન કરવું અશક્ય છે. જેવી રીતે શત્રુંજય પર દાન આપવાથી અને તપશ્ચર્યા કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે અહીં પણ તે કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે. સમુદ્રની રેતીના રજકણની સંખ્યા કરવાને સમર્થ એવી બૃહસ્પતિની જિહ્વા પણ જેના લોકોત્તર ગુણગ્રામને કહેવા સમર્થ નથી.

# प्रभु महावीर द्वारा श्री गिरनार महातीर्थ का माहात्म्य
## (शत्रुंजय माहात्म्य : सर्ग - 10, गाथा - 8 से 41)

हे इन्द्र ! सुनो, इस सिद्धगिरि का पाँचवा शिखर है रैवतगिरि ! यह पाँचवा ज्ञान (केवलज्ञान) देनेवाला है । सभी राजाओं के द्वारा सेवा करने योग्य, सर्व पर्वतों का पति और आश्रितों के दुःखों का नाश करनेवाला यह रैवतगिरि जयवंत है । यह गिरि अनेक अज्ञान रुप अंधकार के समूह का तिरस्कार करने में सूर्य समान है, जगत के पाप को दूर करनेवाला है और तेजस्वी है । वहाँ भक्ति से दिया गया उचित दान अथवा अनुकंपा दानादि यहलोक और परलोक में हितकारक ऐसे सभी सुख प्रदान करता है और उसके प्रकाशित पुण्य की किरणों से क्षणमात्र में मक्खन की तरह भवभ्रमण से उत्पन्न हुआ पापपिंड भी विलीन हो जाता है । जिन्होंने बार-बार सुकृत किए हों, ऐसे कृतार्थ प्राणी ही सर्वदेवतामय इस गिरिराज के दर्शन कर सकते हैं । सर्वदा सर्वदायक यह गिरि जैसे सर्व पर्वतों का राजा हो ऐसा बताने के लिए चमरी गायें चामर से सर्वकाल उसे वींझती है। जिस गिरि में अंधकार मात्र गुफाओं में ही था, (पानी) जड़ता सरोवर में ही थी, खराब वर्ण दुर्वर्ण धातुओं में ही था, द्विजिह्वत्व (के पक्ष में पैशुन्य) सर्प में ही था, कठिनता पाषाणों में ही थी, उग्रता तपस्या में थी, चपलता लताओं में ही थी, पक्ष (पक्षपात - पंख) पक्षियों में ही थे, प्रदोष (सायंकाल, के पक्ष में उत्कृष्ट दोष) रात्रि के मुख में ही था और भय पाप में ही था । जिस गिरि में आहार छोड़कर, शुभ आचार का पालन करके, कामदेव को जीतनेवाले और मन पर संयम रखनेवाले मुनि और देवता नित्य श्री नेमिनाथ प्रभु को नमस्कार करते हैं । जहाँ किसी जगह पर अपरिमित ध्यान से मान का विलय करते हुए ज्ञान से शोभित मुनि भगवंत नित्य महान **अर्हंत** प्रभु के तेज का ध्यान करते हैं, पवन का पवित्र आहार

करते और विषम मार्ग पर चलते ऐसे योगी जहाँ **अर्हंतपद** की उपासना करते हैं, जहाँ अप्सराओं के वृंद, गंधर्व, सिद्धपुरुष, विद्याधर और नागकुमार निर्मल हृदय से सदा श्री नेमिनाथ प्रभु की सेवा करते हैं, जिस पर्वत पर मार्जार और मूषक, सिंह और हाथी, सर्प और मयूर, परस्पर के जातिवैर को शांत करके रहे हुए हैं । जहाँ मणियों की कांति से ही सूर्य, चंद्र के बिना भी सर्व प्रदेश प्रकाशवाले हैं । जहाँ सर्व ग्रह नजदीक उदय के बहाने श्री नेमिनाथ प्रभु की आराधना करने के लिए हमेशा भ्रमण करते हैं । जहाँ वसंतादि छः ॠतुयें श्री नेमिनाथ प्रभु को नमन करने के लिए जैसे स्पर्धा कर रही हों वैसे, आकुलता से स्वयं का क्रम छोड़कर सदैव प्रवर्तित हो रही है, जहाँ चन्द्रकिरणों के स्पर्श से बहते चन्द्रकांत मणि के जल से मनोहर द्रहों को उल्लसित करती नदियाँ शोभायमान हैं, जहाँ सूर्य की किरणों से प्रकाशित सूर्यकांत मणि से उत्पन्न अग्नि, प्राणियों के गाढ़ कर्मरुपी इंधन के जैसे जला रही है । चौड़े बांस के वाद्य से, किन्नरियों के गीत से और झरनों के झंकार से स्वयमेव उत्पन्न होता तीन प्रकार का संगीत हमेशा जिसकी सेवा करते हैं, जिसके चारों तरफ, चारों दिशाओं में, चार गति रुपी भवदुःख से रक्षा करने में चतुर ऐसे पर्वत शोभास्पद हैं, जिसके चारों दिशाओं में उल्लसित स्वच्छ जल से पाप रूपी बड़ी आपत्ति का छेदन करनेवाली चार महानदियाँ रही हुई हैं । जहाँ हाथी पादुकादि पवित्र कुंड देवताओं ने अमरत्व के लिए जैसे अमृत से न भरे हों ? ऐसे परिपूर्ण शोभित हैं, स्वयं से याचना करनेवाले प्राणियों के दुःख को दूर करने के लिए और मोक्षदान का अभ्यास करने के लिए हों, वैसे कल्पवृक्ष जहाँ स्वयं आकर निवास कर रहे हैं, सुवर्णसिद्धि करनेवाली तथा सर्व इच्छित फल को देनेवाली लेकिन पुण्यहीन प्राणियों को नहीं दिखती ऐसी रसकूपिका जहाँ रही हुई है, जहाँ पवित्र जल के बहने से सरोवर, प्राणियों के बड़े पापकर्मों का क्षण में क्षय करते हैं और सुख के स्थानों

को देते हैं, जहाँ कमललालक्ष्मी का उदय करनेवाले मनोहर जल के द्रह कमलों के विकास से अतिहर्षित होते हैं, जहाँ के द्रह राजहंस पद के उपासना करने योग्य हैं, राजहंस पद (सिद्धिपद) को देनेवाले हैं और उनमें राजहंसपद को प्राप्त करनेवाले विकासी कमल रहे हुए हैं – ऐसे इस सिद्धगिरि के शिखर पर रैवतगिरि का स्मरण सुख देता है, दर्शन कष्ट का नाश करता है और स्पर्श इष्टवस्तु देता है । श्रीमान नेमिनाथ प्रभु अन्य पर्वतों को छोड़कर, सर्वदा जिसका आश्रय करके रहे हैं, उस रैवतगिरि का विशेष क्या वर्णन करें ? अर्थात् उसकी महिमा का वर्णन करना असंभव है । जिस तरह शत्रुंजय पर दान देने से और तपश्चर्या करने से सुख प्राप्त होता है, उसी तरह यहाँ भी यह करने से सुख प्राप्त होता है । समुद्र की मिट्टी के रजकण की संख्या गिनने में समर्थ ऐसी बृहस्पति की जिह्वा भी इस लोकोत्तर गुणग्राम को कहने में समर्थ नहीं है ।

# પરિશિષ્ટ - 3

# સંદર્ભ ગ્રન્થોની નામાવલી

| क्रम | ग्रन्थ नाम | रचनाकार | रचना साल |
|---|---|---|---|
| 1. | जिनसहस्रनामस्तोत्र (श्लोक-134) | श्री विनयविजय | वि.सं. 1731 |
| 2. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-936) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 3. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-936) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 4. | उपदेश कल्पवल्ली (श्लोक-9) | श्री इन्द्रहंसगणि | वि.सं. 1555 |
| 5. | प्रबन्ध पंचशती | | वि.सं. 1518 |
| 6. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-871) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 7. | वस्तुपाल चरित्र (श्लोक-564) | श्री जिनहर्षगणि | वि.सं. 1793 |
| 8. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-27) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 9. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-28) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 10. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-935) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 11. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-878) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 12. | श्री गिरनार महातीर्थकल्प (श्लोक-4) | श्री भारती | |
| 13. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-877) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 14. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-38) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 15. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-781) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 16. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-41) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 17. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-876) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 18. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-872) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 19. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-873) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 20. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-874) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |

| क्रम | ग्रन्थ नाम | रचनाकार | रचना साल |
|---|---|---|---|
| 21. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-5) (श्लोक-875) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 22. | श्री गिरनार चैत्यपरिपाटी स्तवन (श्लोक-2) | | |
| 23. | श्री गिरनार चैत्यपरिपाटी स्तवन (श्लोक-3) | | |
| 24. | श्री गिरनार चैत्यपरिपाटी स्तवन (श्लोक-4) | | |
| 25. | उपदेश सप्ततिका (अधिकार-1) (उपदेश-3) | श्री सोमधर्मगणि | वि.सं. 1503 |
| 26. | श्री गिरनार महातीर्थ कल्प (श्लोक-22) | श्री भारती | |
| 27. | श्री गिरनार कल्प (श्लोक-6) | श्री धर्मघोषसूरि | |
| 28. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-533) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 29. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-539) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 30. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-540) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 31. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-884) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 32. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-42) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 33. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-43) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 34. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-443) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 35. | श्री उज्जयन्त स्तव (श्लोक-20) | श्री जिनप्रभसूरि | वि.सं. 1389 |
| 36. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-12) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 37. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-31) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 38. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-33) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 39. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-34) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 40. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-36) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 41. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-37) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 42. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-35) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 43. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-34) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 44. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-23) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 45. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-25) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |

| क्रम | ग्रन्थ नाम | रचनाकार | रचना साल |
|---|---|---|---|
| 46. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-26) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 47. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-883) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 48. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-881) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 49. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-880) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 50. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-62) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 51. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-497) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 52. | श्री शत्रुंजय माहात्म्य (गद्यमय) (श्लोक-4) | श्री हंसरत्नमुनि | वि.सं. 1782 |
| 53. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-38) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 54. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-64) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 55. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-10) (श्लोक-63) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 56. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-30) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 57. | श्री शत्रुंजय कल्पवृत्ति (श्लोक-906) | श्री शुभशीलगणि | वि.सं. 1518 |
| 58. | श्री वस्तुपाल चरित्र (श्लोक-566) | श्री जिनहर्षगणि | वि.सं. 1793 |
| 59. | श्री वस्तुपाल चरित्र (श्लोक-580) | श्री जिनहर्षगणि | वि.सं. 1793 |
| 60. | श्री शत्रुंजय माहात्म्य (सर्ग-13) (श्लोक-465) | श्री धनेश्वरसूरि | वि.सं. 1371 |
| 61. | श्री शत्रुंजय माहात्म्य (गद्यमय) (श्लोक-6) | श्री हंसरत्नमुनि | वि.सं. 1782 |
| 62. | श्री शत्रुंजय माहात्म्य (गद्यमय) (श्लोक-8) | श्री हंसरत्नमुनि | वि.सं. 1782 |
| 63. | श्री वस्तुपाल चरित्र (श्लोक-582) | श्री जिनहर्षगणि | वि.सं. 1793 |
| 64. | श्री वस्तुपाल चरित्र (श्लोक-581) | श्री जिनहर्षगणि | वि.सं. 1793 |
| 65. | श्री चतुर्विंशतिका (श्लोक- ) | श्री बप्पभट्टिसूरि | वि.सं. 1405 |
| 66. | श्री गिरनार महातीर्थकल्प (श्लोक-20) | श्री भारती | |
| 67. | श्री गिरनार महातीर्थकल्प (श्लोक-5) | श्री भारती | |

# શ્રી ગિરનારજી મહાતીર્થનાં મહાકલ્યાણકારી 108 નામ

(નિત્ય ગિરનારના 108 નામોને નમસ્કાર કરવાથી લખલૂટ કર્મોનો ક્ષય થાય છે.)

| | |
|---|---|
| 1. | કૈલાસગિરયે નમો નમઃ |
| 2. | ઉજ્જયંતગિરયે નમો નમઃ |
| 3. | રૈવતગિરયે નમો નમઃ |
| 4. | સ્વર્ણગિરયે નમો નમઃ |
| 5. | ગિરનારગિરયે નમો નમઃ |
| 6. | નંદભદ્રગિરયે નમો નમઃ |
| 7. | પારસગિરયે નમો નમઃ |
| 8. | યોગેન્દ્રગિરયે નમો નમઃ |
| 9. | સનાતનગિરયે નમો નમઃ |
| 10. | સુરભિગિરયે નમો નમઃ |
| 11. | ઉદયગિરયે નમો નમઃ |
| 12. | તાપસગિરયે નમો નમઃ |
| 13. | આલંબનગિરયે નમો નમઃ |
| 14. | પરમગિરયે નમો નમઃ |
| 15. | શ્રીગિરયે નમો નમઃ |
| 16. | સપ્તશિખરગિરયે નમો નમઃ |
| 17. | ચૈતન્યગિરયે નમો નમઃ |
| 18. | અવ્યયગિરયે નમો નમઃ |
| 19. | ધ્રુવગિરયે નમો નમઃ |

| | |
|---|---|
| 20. | પરમોદયગિરયે નમો નમઃ |
| 21. | નિસ્તારગિરયે નમો નમઃ |
| 22. | પાપહરગિરયે નમો નમઃ |
| 23. | કલ્યાણકગિરયે નમો નમઃ |
| 24. | વૈરાગ્યગિરયે નમો નમઃ |
| 25. | પુણ્યદાયકગિરયે નમો નમઃ |
| 26. | સિદ્ધપદગિરયે નમો નમઃ |
| 27. | દૃષ્ટિદાયકગિરયે નમો નમઃ |
| 28. | ઈન્દ્રગિરયે નમો નમઃ |
| 29. | નિરંજનગિરયે નમો નમઃ |
| 30. | વિશ્રામગિરયે નમો નમઃ |
| 31. | પંચમગિરયે નમો નમઃ |
| 32. | ભવચ્છેદકગિરયે નમો નમઃ |
| 33. | આશ્રયગિરયે નમો નમઃ |
| 34. | સ્વર્ગગિરયે નમો નમઃ |
| 35. | સમત્વગિરયે નમો નમઃ |
| 36. | અમલગિરયે નમો નમઃ |
| 37. | જ્ઞાનોદ્યોતગિરયે નમો નમઃ |
| 38. | ગુણનિધિગિરયે નમો નમઃ |

| | |
|---|---|
| 39. | સ્વયંપ્રભગિરયે નમો નમઃ |
| 40. | અપૂર્વગિરયે નમો નમઃ |
| 41. | પૂર્ણાનંદગિરયે નમો નમઃ |
| 42. | અનુપમગિરયે નમો નમઃ |
| 43. | પ્રભંજનગિરયે નમો નમઃ |
| 44. | પ્રભવગિરયે નમો નમઃ |
| 45. | અક્ષયગિરયે નમો નમઃ |
| 46. | રત્નગિરયે નમો નમઃ |
| 47. | પ્રમોદગિરયે નમો નમઃ |
| 48. | પ્રશાંતગિરયે નમો નમઃ |
| 49. | પદ્મગિરયે નમો નમઃ |
| 50. | સિદ્ધશેખરગિરયે નમો નમઃ |
| 51. | ચંદ્રગિરયે નમો નમઃ |
| 52. | સૂર્યગિરયે નમો નમઃ |
| 53. | ઈન્દ્રપર્વતગિરયે નમો નમઃ |
| 54. | આત્માનંદગિરયે નમો નમઃ |
| 55. | આનંદધરગિરયે નમો નમઃ |
| 56. | સુખદાયીગિરયે નમો નમઃ |
| 57. | ભવ્યાનંદગિરયે નમો નમઃ |
| 58. | પરમાનંદગિરયે નમો નમઃ |
| 59. | ઈષ્ટસિદ્ધિગિરયે નમો નમઃ |
| 60. | રામાનંદગિરયે નમો નમઃ |

| | |
|---|---|
| 61. | ભવ્યાકર્ષણગિરયે નમો નમઃ |
| 62. | દુઃખહરગિરયે નમો નમઃ |
| 63. | શિવાનંદગિરયે નમો નમઃ |
| 64. | ઉજ્જવલગિરયે નમો નમઃ |
| 65. | આનંદગિરયે નમો નમઃ |
| 66. | તીર્થોત્તમગિરયે નમો નમઃ |
| 67. | મહેશ્વરગિરયે નમો નમઃ |
| 68. | રમ્યગિરયે નમો નમઃ |
| 69. | બોધિદાયકગિરયે નમો નમઃ |
| 70. | મહોદ્યોતગિરયે નમો નમઃ |
| 71. | અનુત્તરગિરયે નમો નમઃ |
| 72. | પ્રશમગિરયે નમો નમઃ |
| 73. | મોહભંજકગિરયે નમો નમઃ |
| 74. | પરમાર્થગિરયે નમો નમઃ |
| 75. | શિવસ્વરૂપગિરયે નમો નમઃ |
| 76. | લલિતગિરયે નમો નમઃ |
| 77. | અમૃતગિરયે નમો નમઃ |
| 78. | દુર્ગતિવારણગિરયે નમો નમઃ |
| 79. | કર્મક્ષાયકગિરયે નમો નમઃ |
| 80. | અજેયગિરયે નમો નમઃ |
| 81. | સત્ત્વદાયકગિરયે નમો નમઃ |
| 82. | વિરતિગિરયે નમો નમઃ |

| | |
|---|---|
| 83. | વ્રતગિરયે નમો નમઃ |
| 84. | સંયમગિરયે નમો નમઃ |
| 85. | સર્વજ્ઞગિરયે નમો નમઃ |
| 86. | કેવલગિરયે નમો નમઃ |
| 87. | જ્ઞાનગિરયે નમો નમઃ |
| 88. | નિર્વાણગિરયે નમો નમઃ |
| 89. | તારકગિરયે નમો નમઃ |
| 90. | શિવગિરયે નમો નમઃ |
| 91. | હંસગિરયે નમો નમઃ |
| 92. | વિવેકગિરયે નમો નમઃ |
| 93. | મુક્તિરાજગિરયે નમો નમઃ |
| 94. | મણિકાન્તગિરયે નમો નમઃ |
| 95. | મહાયશગિરયે નમો નમઃ |
| 96. | અવ્યાબાધગિરયે નમો નમઃ |

| | |
|---|---|
| 97. | જગતારકગિરયે નમો નમઃ |
| 98. | વિલાસગિરયે નમો નમઃ |
| 99. | અગમ્યગિરયે નમો નમઃ |
| 100. | સુગતિગિરયે નમો નમઃ |
| 101. | વીતરાગગિરયે નમો નમઃ |
| 102. | ચિંતામણિગિરયે નમો નમઃ |
| 103. | અતુલગિરયે નમો નમઃ |
| 104. | મહાવૈદ્યગિરયે નમો નમઃ |
| 105. | પાવનગિરયે નમો નમઃ |
| 106. | અચલગિરયે નમો નમઃ |
| 107. | લબ્ધિગિરયે નમો નમઃ |
| 108. | સૌભાગ્યગિરયે નમો નમઃ<br>(ગુણવંતગિરયે નમો નમઃ) |

**શ્રી ગિરનારજી મહાતીર્થનાં મહાકલ્યાણકારી**
**108 નામનો ઓડિયો/વીડિયો જોવા માટે**
**QR Code સ્કેન કરો.**

# ગિરનારના આરતી – મંગળ દીવો

## :: ગિરનાર - નેમિનાથજીની આરતી ::

1. જય જય આરતી નેમિજિણંદા,
   સમુદ્રવિજય શિવાદેવીકો નંદા...

2. પહેલી આરતી ભાવથી કીજે,
   ગિરનાર ભેટીને પુણ્ય લહીજે...

3. દૂસરી આરતી જિનો અનંતા,
   દીક્ષા-કેવલ-શિવસુખ ધરંતા...

4. તીસરી આરતી નેમિજિણંદા,
   સહસાવને વ્રત-નાણ વરંતા...

5. ચોથી આરતી ભવપાર થાવે,
   પાંચમી ટૂંકે પરમ પદ પાવે...

6. પંચમી આરતી ચિંતામણિ પાયા,
   ગિરનાર નેમિગુણ હેમને ગાયા...

**શ્રી ગિરનારજીની આરતીનો**

**વીડિયો જોવા માટે QR Code સ્કેન કરો.**

## :: ગિરનાર - નેમિનાથજીનો મંગલદીવો ::

1. દીવો રે દીવો રે, પ્રભુ મંગલિક દીવો રે;
આરતી ઉતારણ રે ગઢ ગિરનારની રે... દીવો રે...

2. સોહામણો એ, ગઢ ગિરનાર;
ભવિજનનોએ, તારણહાર... દીવો રે...

3. નિત્ય ધ્યાવે તસ, ભવ અજવાળે;
ભવચોથે એ, શિવપુર નિહાળે.... દીવો રે...

4. સુરનરદેવા, કરે ગિરિ સેવા;
આરતી ઉતારી, પામે શિવસુખ મેવા... દીવો રે...

5. આ ભવ મંગલિક, પરભવ મંગલિક,
મંગલિક ભવોભવ, સૌનું હોજો દીવો રે...

**શ્રી ગિરનારજીના મંગલદીવાનો**

**વીડિયો જોવા માટે QR Code સ્કેન કરો.**

✸

# શ્રી ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા

1. રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
   માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર

2. સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
   સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર ....

3. દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
   પાવનભૂમિને ફરશતાં, જનમ સફળ થયો જાણ ....

4. જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
   એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર ....

5. કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
   આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત ....

6. ગજપદ કુંડે નાહીને, મુખ બાંધી મુખકોશ;
   દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ ....

7. એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
   હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ ....

8. ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
   યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ ....

9. આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
   ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર ....

અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે 6 નામ : (1) કૈલાસગિરિ (2) ઉજ્જયંતગિરિ (3) રૈવતગિરિ (4) સ્વર્ણગિરિ (5) ગિરનારગિરિ (6) નંદભદ્રગિરિ.

એક ખમાસમણ આપીને શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. 2. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(9 લોગસ્સનો કાઉસ્સગ્ગ ન આવડે તો 36 નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં... બોલી)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલિ (1) ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે (2) સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ (3) કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ (4) એવં, મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણજરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિથ્થયરા મે પસીયંતુ (5) કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ, (6) ચંદેસુનિમ્મલયરા, આઈચ્ચેસુઅહિયં પયાસરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (ખમાસમણું આપી, અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં કહેવું)

**શ્રી ગિરનારજીના ખમાસમણાના દુહાનો**

**વીડિયો જોવા માટે QR Code સ્કેન કરો.**

# અમાસના દિવસે કલ્યાણકારી કલ્યાણકભૂમિની સ્પર્શના

## :: સ્તુતિ ::

**દેવાંગના ને દેવતાઓ, જેની સેવના ઝંખતા,**
**મળી તીર્થકલ્પો વળી, જેના ગુણલાં ગાવતા,**
**જિનો અનંતા જે ભૂમિએ, પરમપદને પામતા,**
**એ ગિરનારને વંદતા, મુજ જન્મ આજ સફળ થયો.**

**શાસ્ત્રકારો ફરમાવે છે કે...**

ગિરનાર મહાતીર્થ મધ્યે આજપર્યંત અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષા, કેવળ અને મોક્ષ કલ્યાણક થયેલ છે, તથા અન્ય અનંતા તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક થયા છે.

આ મહાતીર્થ ઉપર થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના કલ્યાણક દિવસોની તિથિ તથા ચોક્કસ સ્થાનથી પણ આપણે આજે અજ્ઞાત છીએ ત્યારે આપણા જન્મો જનમના અજ્ઞાન તિમિરને દૂર કરવા.

ચાલો ! શ્રી નેમિનાથ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકની માસિક તિથિના દિવસે આ કલ્યાણકભૂમિની સ્પર્શના-ભક્તિની સાથે સાથે ભૂતકાળમાં થયેલ અનંતા તીર્થંકર પરમાત્માના દીક્ષાકલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષકલ્યાણકની પાવનભૂમિની પણ સ્પર્શના-ભક્તિની આરાધના દ્વારા આપણા અનંતા જન્મોના વિષય-કષાયના કર્મમલને દૂર કરી આત્મકલ્યાણની આરાધના કરીએ.


શ્રી નેમિપ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક અવસરે અમાસના દિવસે કરોડો દેવતાઓ દ્વારા સમવસરણની રચના થઈ હતી. ત્યારે શ્રી નેમિપ્રભુના શાસનના તથા શ્રી ગિરનારજી મહાતીર્થના અધિષ્ઠાયિકા દેવી તરીકે અંબિકાદેવીની સ્થાપના પણ અમાસના દિવસે જ થઈ હતી. જે આજે પણ આ ગિરનાર મહાતીર્થની રક્ષા કરી રહ્યા છે. તેથી તેમના પણ અધિષ્ઠાયિકા દેવી તરીકેના સ્થાપના દિવસનું સ્મરણ કરી આ મહાતીર્થની સ્પર્શના-ભક્તિ આદિ કરીએ...

# સૌ ચાલો ગિરનાર જઈએ...




ગિરનાર મહાતીર્થના માહાત્મ્યને જાણવા-માણવા માટે તથા ગિરનારની અવનવી વાતોનું આસ્વાદન કરવા માટે આપેલ QR Code ને સ્કેન કરો.

# ગિરનાર જિનવર જુહારિએ...




ગિરનાર મહાતીર્થમાં રહેલા ચૌદ જિનાલયો તથા સહસાવનમાં નેમિપ્રભુજીના દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણકભૂમિ અને સમવસરણ જિનાલયાદિમાં બિરાજમાન પ્રભુજીની મૂર્તિ, પગલાં - મહાત્માઓની મૂર્તિ - પગલાં, શાસનના અધિષ્ઠાયક દેવ-દેવી આદિનું સ્મરણ કરી ભાવપૂર્વક વંદના કરવા માટે આ QR Codeને સ્કેન કરો.

# ગિરનાર સ્તવ




ગિરનાર મહાતીર્થના 108 નામોથીયુક્ત આ સ્તવ દ્વારા અભિષેકનું અનુષ્ઠાન તથા ૧૦૮ નામોની સંગીતયુક્ત ભક્તિ કરવા આ QR Codeને સ્કેન કરો.